dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 35 | AD - 2024, kartak sud - 07 | Friday, Dt.08-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## ૩૭૦ને પુનઃસ્થાપિત કરવાની માગને લઈને પાર્ટીના ધારાસભ્યો અને વિપક્ષ વચ્ચે વિધાનસભામાં હોબાળો

# જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા સત્રમાં ધારાસભ્યો બાખડ્યા

શ્રીનગર,તા.૭

જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં આજે જોરદાર હોબાળો થયો હતો. કલમ ૩૭૦ને પુનઃસ્થાપિત કરવાની માગને લઈને પાર્ટીના ધારાસભ્યો અને વિપક્ષ વચ્ચે વિધાનસભામાં હોબાળો થયો હતો. ગૃહમાં આ હોબાળો કલમ ૩૭૦ની પુનઃસ્થાપના સંબંધિત બે પ્રસ્તાવોને લઈને થઈ રહ્યો છે. વાસ્તવમાં, સત્તામાં આવ્યા પછી, નેશનલ કોન્ફરન્સ કલમ ૩૭૦ પર વધુ અવાજ ઉઠાવવા માંગે છે, પરંતુ પીડીપી અને સજ્જાદ લોનની પાર્ટી સહિત અન્ય પાર્ટીઓ પણ આ મુદ્દા પર ક્રેડિટ વોરમાં પાછળ રહેવા માંગતી નથી.

ગઈકાલે વિધાનસભામાં જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. નેશનલ કોન્ફરન્સ દ્વારા વિધાનસભામાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં જમ્મુ અને કાશ્મીર સરકારે કેન્દ્ર સરકારને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાની અપીલ કરી હતી. પરંતુ ભાજપે તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો. પરંતુ આજે, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કલમ ૩૭૦ અને કલમ ૩૫Aને પુનઃસ્થાપિત કરવાની માગ સાથે બીજો ઠરાવ પસાર કર્યો. આ દરમિયાન વિપક્ષી નેતા સુનીલ શર્મા વિધાનસભામાં બોલી રહ્યા હતા ત્યારે બારામુલ્લાના સાંસદ



એન્જિનિયર રાશિદના ભાઈ ખુર્શીદ અહેમદ કલમ ૩૭૦નું પોસ્ટર લઈને આવ્યા હતા અને વેલીમાં કૂદી પડ્યા હતા અને પોસ્ટરને લહેરાવવાનું શરૂ કર્યું હતું. આ પછી પાર્ટી અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે ઝપાઝપી શરૂ થઈ ગઈ. ભાજપે બેનર બતાવીને વિરોધ કર્યો હતો. સ્થિતિ એવી બની હતી કે માર્શલોને હસ્તક્ષેપ કરવા અને હોબાળો મચાવતા ધારાસભ્યોને બહારનો રસ્તો બતાવવો પડ્યો હતો.

વિધાનસભામાં કલમ ૩૭૦ની પુનઃસ્થાપનાનું પોસ્ટર બતાવવાના સવાલ પર ખુર્શીદ અહેમદ શેખે કહ્યું કે મેં કંઈ ખોટું કર્યું નથી. અમે વિધાનસભાનો સંપર્ક કર્યો હતો કે અમે આવો પ્રસ્તાવ લાવવા માગીએ છીએ. પરંતુ આ લોકોએ (ભાજપ) કહ્યું કે આવી કોઈ જોગવાઈ નથી. જમ્મુ-કાશ્મીર વિધાનસભાનું આ પાંચ દિવસનું નાનું સત્ર છે. અમને વાત કરવાની તક પણ આપવામાં આવી ન હતી. આવી સ્થિતિમાં આપણી પાસે કયો વિકલ્પ બચ્યો હતો? શું આપણને બેનર બતાવવાનો પણ અધિકાર નથી? આ બેનરમાં કંઈ વિવાદાસ્પદ નહોતું, કાશ્મીરના લોકોના દિલમાં એ બધું હતું કે તેઓ કલમ ૩૭૦ પરત કરવા માગે છે.

ખુર્શીદ અહેમદ શેખે કહ્યું કે, પરંતુ ભાજપ આ બધું પચાવી શક્યું નથી. તેણે હુમલો કર્યો. પણ આપણા પર આવા કેટલાય હુમલા થતા રહે છે. પરંતુ અમને લોકોના મંતવ્યો વ્યક્ત કરવા માટે વિધાનસભામાં મોકલવામાં આવ્યા છે. અમે દરેક યોગ્ય રીતે વિધાનસભામાં અમારા વિચારો રજૂ કરીશું. આ મુદ્દે પીડીપી ધારાસભ્ય વાહિદ પારાએ પણ કહ્યું કે અમે આજે વિધાનસભામાં કલમ ૩૭૦ને લઈને પ્રસ્તાવ રજૂ કર્યો છે. અમારો પ્રયાસ છે કે કલમ ૩૭૦ અને ૩૫Aને વહેલી તકે પુનઃસ્થાપિત કરવામાં આવે. આ તેમના વર્તમાન સ્વરૂપોમાં પુનઃસ્થાપિત થવું જોઈએ. જમ્મુ કાશ્મીર પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ લોને કહ્યું કે આ પ્રસ્તાવ વિધાનસભામાં લાવવામાં આવ્યો છે. તે નબળા છે. આ એક નિશ્ચિત મેચ છે, તેઓ નબળા પ્રસ્તાવ લાવે છે અને તેના વિશે અવાજ ઉઠાવે છે અને પછી તેઓ ઉભા થઈ જાય છે.




# સરકારી નોકરીઓમાં ભરતી સબંધિત નિયમોમાં ફેરફાર કરી શકાશે નહીં : સુપ્રીમ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો છે. કોર્ટે કહ્યું કે પસંદગી પ્રક્રિયા શરૂ થયા બાદ સરકારી નોકરીઓમાં ભરતી સંબંધિત નિયમોમાં ફેરફાર કરી શકાશે નહીં. સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેન્ચે ચુકાદો આપ્યો હતો કે 'ભરતીના નિયમો' પસંદગી પ્રક્રિયા શરૂ થયા પછી અધવચ્ચે બદલી શકાશે નહીં, સિવાય કે સંબંધિત નિયમો સ્પષ્ટપણે આમ કરવાની પરવાનગી આપે. આ મામલો રાજસ્થાન હાઈકોર્ટમાં અનુવાદકની જગ્યાઓ પર ભરતી



સાથે સંબંધિત હતો.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું, 'ભરતી પ્રક્રિયા અરજીઓ આમંત્રિત કરતી અને ખાલી જગ્યાઓ ભરવાની જાહેરાતના મુદ્દા સાથે શરૂ થાય છે. ભરતી પ્રક્રિયાની શરૂઆતમાં સૂચિત કરાયેલ પસંદગી યાદીમાં સમાવેશ કરવા માટેની લાયકાતના માપદંડને ત્યાં સુધી બદલી શકાશે નહીં જ્યાં સુધી વર્તમાન નિયમો તેને પરવાનગી ન આપે અથવા જાહેરાત, જે હાલના નિયમોની વિરુદ્ધ નથી. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી પાંચ જજોની બંધારણીય બેન્ચે આ નિર્ણય આપ્યો હતો. બેન્ચમાં જસ્ટિસ હૃષિકેશ રોય, જસ્ટિસ પીએસ નરસિમ્હા, પંકજ મિત્તલ અને મનોજ મિશ્રા પણ સામેલ હતા. આ કેસની સુનાવણી જુલાઈ ૨૦૨૩માં પૂર્ણ થઈ હતી. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે, ભરતી પ્રક્રિયા શરૂ થયા બાદ સરકારી નોકરીઓ માટેના નિયમોમાં ફેરફાર કરી શકાય નહીં. કોર્ટે પોતાના જૂના ચૂકાદા 'કે. મંજુશ્રી વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય' (૨૦૦૮)ને સાચો ઠેરવ્યો હતો. આ નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે ભરતી પ્રક્રિયાના નિયમો અધવચ્ચે બદલી શકાય નહીં. કોર્ટે પોતાના નિર્ણયમાં એમ પણ કહ્યું કે પસંદગી યાદીમાં સ્થાન મળવાથી ઉમેદવારને રોજગારનો સંપૂર્ણ અધિકાર મળતો નથી.















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શુક્રવાર, તા.૦૮-૧૧-૨૦૨૪

લાલજીભાઈ વશરામભાઈ દેસાઈ(મિલન કોટેક્ષવાળા)ના દીકરા પંકજભાઈને ત્યાં પુત્ર જન્મની ખુશીમાં

# ચિતલનાં દેસાઈ પરિવાર દ્વારા જીથુડી હનુમાનજી દાદાને થાળ ધરાયો

અમરેલી, તા.૦૭

ચિતલ ગામના લાલજીભાઈ વશરામભાઈ દેસાઈ(મિલન કોટેક્ષવાળા)ના દીકરા પંકજભાઈને ત્યાં પુત્ર જન્મની ખુશીમાં જીથુડી હનુમાનજી દાદાને થાળ ધરવામાં આવ્યો હતો. સાથોસાથ ગાયત્રી યજ્ઞ, સત્યનારાયણની કથા પણ કરવામાં આવી હતી. આ પ્રસંગની સાથે ડો.નેહલબેનની સગાઈ ડો. જયકુમાર સાથે થતાં રામામંડળ, રામદેવપીરનાં જીવનચરિત્રના







આખ્યાનનો પ્રસંગ યોજવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ભીખુભાઈ પટેલ, શિતલ આઈસ્ક્રીમવાળા દકુભાઈ ભુવા, ભુપતભાઈ ભુવા, દિનેશભાઈ ભુવા, ખોડલધામ જિલ્લા કન્વીનર સુરેશભાઈ દેસાઈ, મનસુખભાઈ ઉંધાડ, શંભુભાઈ દેસાઈ, જયેશભાઈ નાકરાણી, રમેશભાઈ કાથરોટીયા, દયાળભાઈ સંઘાણી, જશવંતગઢના સરપંચ અશોકભાઈ માંગરોળીયા, ઉપસરપંચ લક્ષ્મણભાઈ સોરઠીયા, ચિતલ ગામના સરપંચ સુરેશભાઈ પાથર, ઉપસરપંચ રઘુવીરસિંહ સરવૈયા, ચિતલ વેપારી એસોસિએશનના પ્રમુખ સહિત રાજકીય અને સામાજિક અગ્રણીઓએ દેસાઈ પરિવારના આમંત્રણને માન આપી હાજર રહ્યાં હતા. આ તકે મનુબાપા દેસાઈ, રવજીભાઈ દેસાઈ, ચંદુભાઈ, અરવિંદભાઈ, કેશુભાઈ, લાલજીભાઈ, હસમુખભાઈ, ભરતભાઈ, વિજયભાઈ, જયસુખભાઈ, પંકજભાઈ, ચિરાગભાઈ સહિત દેસાઈ પરિવારે મહેમાનોનું સહૃદય સ્વાગત કરી આભાર માન્યો હતો.

# લાઠીમાં મેદાનનું તાત્કાલિક રીપેરીંગ કરવા યુથ કોંગ્રેસે આપ્યુ આવેદન

અમરેલી,તા.૦૭

લાઠી શહેરમાં યુવાનો માટે રમતગમત ગ્રાઉન્ડ આવેલું છે. અહીં તારીખ ૨૮મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાર્યક્રમ હતો. જેને પગલે તંત્ર દ્વારા પાર્કિંગની વ્યવસ્થા આ ગ્રાઉન્ડમાં કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વાહનો આવ્યા હોવાને કારણે ભારે અવરજવર અહીં જોવા



મળી હતી, જેથી ગ્રાઉન્ડની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે, ખાડાઓ પડી ગયા છે. ત્યારે લાઠી બાબરા વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ ઈમરાન એસ.ગાગદાણી સહિત મોટી સંખ્યામાં યુવાનોએ લાઠી પ્રાંત અધિકારી સમક્ષ પહોંચી લેખિત રજૂઆતો કરી આવેદનપત્ર પાઠવ્યું હતું. આ ગ્રાઉન્ડ તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ કરી હતી. જો ૮ દિવસમાં રીપેરીંગ નહીં થાય તો ભરતી માટેની તૈયારીઓ કરતા યુવાનો સાથે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# રાજુલાના ધાતરવાડી ડેમ નજીક ભરડીયા દુર કરવા રજૂઆત

**ભાક્ષી અને ધારેશ્વર ગ્રામ પંચાયત દ્વારા કલેકટરને રાવ**

રાજુલા, તા. ૦૭

રાજુલાના ધાતરવાડી ડેમ નજીક આવેલ સ્ટોન ક્રશર (ભરડીયા) દુર કરવા ભાક્ષી ગ્રામ પંચાયત અને ધારેશ્વર ગ્રામ પંચાયત દ્વારા



કલેકટરને લેખીત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે ધાતરવાડી ડેમ નજીકના ૫૦૦ મીટરની ત્રિજયામાં બે ભરડીયા વર્ષોથી ચાલુ છે. પથ્થર કાઢવા અવારનવાર બ્લાસ્ટીંગના કારણે ડેમને નુકસાન થવાની ભીતિ છે. ડેમ તૂટે તો અમારા ગામોમાં મોટી હોનારતની દુર્ઘટનાની દહેશત છે. તાકીદે આ બંને ભરડીયાઓ બંધ કરાવવા સરપંચ મનીષાબેન સોજીત્રા અને સરપંચ અમુબેન ધાખડાએ જણાવ્યું છે.

# દામનગર ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં સા.કુંડલાની સરે ઈલેવન ચેમ્પિયન બની

દામનગર, તા.૦૭

દામનગરમાં યોજાયેલી ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૬ ટીમો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં સાવરકુંડલાની સરે ઈલેવન અને કેમ્પ શાયર વચ્ચે રોમાંચક જંગ જોવા મળ્યો હતો. ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી કેમ્પ શાયરની ટીમ સરે ઈલેવનની ધાકડ બોલિંગ સામે ૧૦ ઓવરમાં ૮૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં બેટિંગ કરવા ઉતરેલી સરે ઈલેવનની ટીમે માત્ર ૭ ઓવરમાં ૮૬ રન કરીને મેચ જીતી લીધી હતી. આ મેચમાં



શાહિદ જાખરાને મેન ઓફ ધ મેચનો અને અસુ મકવાણાને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ટીમના કોચ ઈરફાનભાઈ કુરેશીએ જણાવ્યું હતું કે, ટીમના તમામ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે અને આ જીત ટીમના સખત પરિશ્રમનું ફળ છે.

# અમરેલીમાં ખાંસીથી કંટાળી પ્રૌઢે શૌચાલયમાં જઈ એસિડ પીધું

**સિટી પોલીસ સ્ટાફ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરાઈ**

અમરેલી, તા.૦૭

અમરેલીમાં એક પ્રૌઢે ખાંસીની બીમારીથી કંટાળી શૌચાલયમાં જઈ એસિડ પી લીધું હતું. બનાવ સંદર્ભે લીલીબેન ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ ગોવિંદભાઈ ભગવાનભાઈ પરમાર (ઉ.વ.૬૦)ને ઘણા દિવસોથી ખાંસી થઈ હતી અને છૂટક દવાઓ લેતા હતા. પરંતુ તેમ છતાં ખાંસીની તકલીફમાં કોઈ ફેર પડતો નહોતો. જેથી તેણે કંટાળી ઘરે શૌચાલયમાં જઈ એસિડ પી લેતાં મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# સ્વ.ભનુભાઈ ગોહિલની ચોથી પુણ્યતિથિ નિમિત્તે રામામંડળનું આયોજન કરાયું

**રામામંડળનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો**

અમરેલી, તા.૦૭

અમરેલીમાં પટેલ સંકુલ પાછળ અર્જુનનગર સોસાયટીમાં સ્વ. ભનુભાઈ બાવાભાઈ ગોહિલની ચોથી પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા તા.૦૬/૧૧/૨૦૨૪ને બુધવારે વાઘણીયાના રામામંડળનું આયોજન કરાયું હતું. બપોરે ૪ કલાકે અર્જુનનગર સોસાયટીમાંથી અમરેલી સંકુલ ચોકડી પાસેના રામદેવપીરના મંદિરથી ગોહિલ પરિવારના ઘર સુધી ડીજેના તાલે વાજતે-ગાજતે રામદેવપીરના સામૈયાનું જોરદાર આયોજન કરાયું હતું. આ રામામંડળમાં સોસાયટીના લોકો અને આજુબાજુની સોસાયટીના રહેવાસીઓએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી. કલ્પેશભાઈ ગોહિલ અને વિમલભાઈ ગોહિલ અને તેમના પરિવાર તરફથી રામમંડળ જોવા લોકોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આવતીકાલે લોન મેળાનું આયોજન

અમરેલી, તા.૦૭

રાજ્યમાં વ્યાજ વટાવ નાબુદી ઝુંબેશના ભાગરૂપે ગેરકાયદેસર નાણા ધીરધાર કરનાર ઈસમો વિરુધ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જરૂરિયાતમંદ લોકો જાણકારીના અભાવે બેંકમાં લોન લેવા જતા નથી અથવા તો અપુરતા ડોક્યુમેન્ટ્સને કારણે તેમને લોન મળતી નથી જેથી નાછુટકે ઉંચા વ્યાજ દરે નાણા મેળવતા હોય છે.

આવી પરિસ્થિતિના ઉકેલ માટે ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર દ્વારા નાણાની જરૂરિયાતવાળા માણસોને સહેલાઈથી અને વ્યાજબી વ્યાજ દરે નાણા મળી રહે તેવી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવેલ છે, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક વલય વૈદ્યનારોની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા પોલીસ પરિવાર દ્વારા આગામી તા.૦૯/૧૧ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે અમરેલી પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાષ્ટ્રીયકૃત બેંકો તથા સહકારી બેંકોના પ્રતિનિધિઓ, જિલ્લા ઉદ્યોગકેન્દ્રના અધિકારીઓ તથા જિલ્લામાં આ પ્રકારની લોન સહાય આપતા અન્ય સહકારી વિભાગોના પ્રતિનિધિઓ હાજર રહેનાર છે. અમરેલી જિલ્લાની જાહેર જનતાને લોન લેવા ઈચ્છુક અથવા તો ભવિષ્યમાં લોન લેવા માટે ઈચ્છા ધરવતા હોય તેવા માણસોએ આ લોન મેળામાં હાજર રહી લોન મેળાનો લાભ લેવા જાણ કરવામાં આવે છે.

# રાજુલાના ભેરાઈ ગામે વિદ્યાર્થી સન્માન સમારંભ અને સ્નેહમિલન યોજાયું

રાજુલા, તા.૦૭

શ્રી આહીર એજ્યુકેશન સમિતિ-રાજુલા દ્વારા તારીખ ૪ નવેમ્બર, ૨૪ના રોજ ભેરાઈ ગામે તૃતીય વિદ્યાર્થી સન્માન સમારોહ અને સ્નેહમિલન-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૮૫ તેજસ્વી વિદ્યાર્થીઓ અને ૮ નવનિયુક્ત સરકારી કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમિતિ



તસવીર : ગોપાલ રાઠોડ

દ્વારા દર વર્ષે ભાઈબીજના બીજા દિવસે રાજુલાના વિવિધ ગામોમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમની સફળતામાં સંતો, દાતાઓ, વડીલો, યુવાનો, માતાઓ-બહેનો, વિદ્યાર્થીઓ, ગ્રામજનોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સમિતિના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું ડેટા કલેક્શન, ડોર-ટુ-ડોર આમંત્રણ પત્રિકા વિતરણ, વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. આગામી વર્ષ ૨૦૨૫માં બારપટોળી ગામે અને ૨૦૨૬માં નિંગાળા-૧ ગામે આ સન્માન સમારોહનું આયોજન થશે.









# પીપાવાવ પોર્ટ નજીક ૪ સાવજો શિકારની શોધમાં રોડ પર આવી ચડયા

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં સિંહોના આંટાફેરા સામાન્ય બની ગયા છે. જેમાં ખાસ કરીને ગીરના જંગલોની સાથે સિંહોનું ગૃપ હવે રાજુલા-જાફરાબાદ પંથકમાં દેખા દઈ રહ્યુ છે. રાજુલા તાલુકામાં આવેલ પીપાવાવ પોર્ટ ફોર-વે માર્ગ પર રાત્રીના સમયે ૪ સાવજો શિકારની શોધમાં હાઈવે ઉપર આવી આંટાફેરા મારતા જોવા મળ્યા હતા. રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં સિંહોની સંખ્યા ખૂબ વધી રહી છે. અહીં ઉદ્યોગો અને દરિયા કાંઠાના વિસ્તાર વચ્ચે માનવ વસાહતમાં સિંહોને વાતાવરણ અનુકૂળ આવી રહ્યું છે અને



વસ્તી પણ દિનપ્રતિદિન વધી રહી છે. આ સિંહોની મુવમેન્ટની દર વર્ષે વનવિભાગ પેટ્રોલીંગ સમયે નોંધણી પણ કરી રહ્યું છે. સિંહો ઘણીવાર માનવી પર હુમલા કરતા હોવાથી ભયનો માહોલ છવાયો છે. તાજેતરમાં જ એક સિંહણે બાળકીને ફાડી ખાધાની ઘટના તાજી છે.

# ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ-અમરેલી ખાતે ગુજરાત ગણિત મંડળનું અધિવેશન

**નેશનલ લેવલનાં ગણિતનાં તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન અને સેમિનાર યોજાશે**

અમરેલી, તા.૦૭

પ્રાચીન કાળથી ભારતીય ગણિતશાસ્ત્ર વૈશ્વિક રીતે અનેકવિધ સંશોધન કરતું આવ્યું છે. પ્રાચીન ધરોહરમાં ભૌમિતિક તેમજ ગાણિતિક સમીકરણોનો ભરપૂર પ્રયોગ જોઈ શકાય છે અને આજે પણ તેની સંરચના અચરજ પમાડે તેવી લાગે છે.

ગણિત શિક્ષણનાં ભિષ્મ પિતામહ પી.સી.વૈદ્ય દ્વારા સ્થપાયેલ ગુજરાત ગણિત મંડળ પ્રતિવર્ષ ગણિત જીજ્ઞાસુઓનું અધિવેશન કરે છે. ૬૧મું અધિવેશન તા.૧૦થી ૧૨ સુધી ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ પરિસર કેરીયારોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં આયોજીત થવા જઈ રહેલ છે. અમરેલી જિલ્લામાં ગણિતશાસ્ત્રના વટવૃક્ષ જેવા ગણિત શિક્ષણ અંગે આજીવન ભેખધારી ગુરુવર્ય એચ.એલ. પટેલની રાહબરી




હેઠળ ગણિત વિજ્ઞાનનાં વર્તમાન ભૂતપૂર્વ શિક્ષકો તથા સેવાભાવી વ્યકિતઓ દ્વારા તડામાર તૈયારી થઈ રહી છે. અમરેલીમાં ગુજરાત ગણિત મંડળના આયોજનમાં ગુજરાતભરનાં ગણિત તજજ્ઞ પધારી રસપ્રદ લોકભોગ્ય શૈલીમાં ગણિતની અવનવી બાબતો, સંશોધનો, વ્યવહારિક પ્રયોજન તથા ગણિત શિક્ષણ અંગે ઓડિયો વિઝયુઅલ રજૂઆત કરશે. અમરેલી જિલ્લાનાં ગણિત વિજ્ઞાનના વર્તમાન તેમજ નિવૃત શિક્ષકો, પ્રાધ્યાપક, વેપારીગણ, અધિકારીગણ, વ્યવસાયિકો, ડોકટર્સ, એન્જિનિયર્સ ઉપરાંત ગણિતમાં રસ ધરાવનારી કોઈપણ વ્યકિતને હૃદયપૂર્વક આમંત્રણ છે કે આ ગણિત મહાકુંભમાં સહભાગી થાય.

અમરેલીમાં આ અવસરનો અવશ્ય લાભ લેવા લોકોને અનુરોધ કરેલ છે. આ અધિવેશનની આયોજક કમિટીમાં એચ.એલ. પટેલ, સૂર્યકાંત પાઠક, રમણલાલ વીસાવળીયા, મયુરભાઈ ગજેરા, પંકજભાઈ રાજયગુરૂ, દ્વારકાદાસ લલાડીયા, ગોપાલ રાઠોડ, નિલેશ ચાંપાનેરી, નવરોઝ ગાંગાણી, કનુભાઈ કસવાલા, નિલેશભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા સહિતનાં શિક્ષકો જોડાયા છે.

# સ્વૈચ્છીક સંસ્થા અને સામાજિક કાર્યકરોએ તા. ૩૦ સુધીમાં અરજી કરવી

અમરેલી,તા.૦૭

ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થા તેમજ સામાજિક કાર્યકર જે ઓછામાં ઓછા છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે, મહિલાઓના સામાજીક-આર્થિક સશક્તિકરણને લગતી પ્રવૃત્તિ કરતી હોય તેવી સ્વૈચ્છિક સંસ્થા તેમજ તેવાં મહિલા સામાજિક કાર્યકર પુરસ્કાર મેળવવા માટે જરુરી આધાર પુરાવા સાથે અરજી કરી શકશે. કોઈપણ સરકારી અથવા તો અર્ધ સરકારી અને ૧૦૦ ટકા સરકારી અનુદાનથી ચાલતી સંસ્થા આ પુરસ્કાર માટે અરજી કરી શકશે નહિ. આ નિયત અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કાળજીપૂર્વક વાંચીને નિયત શરતો મુજબ જરુરી આધાર પુરાવા સહિત અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી તા.૩૦ સુધીમાં સંબંધકર્તા સ્વૈચ્છીક સંસ્થા અને સામાજિક કાર્યકરોએ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અમરેલીમાં મળે તે રીતે ફરજીયાત આર.પી.એ.ડી. થી મોકલી આપવાની રહેશે તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# લીલીયાના પીપળવા ગામે પતિના ત્રાસથી કંટાળી પત્નીએ ઝેરી દવા પીધી

**શારીરિક તથા માનસિકથી ત્રાસથી પગલુ ભર્યુ**

લીલીયા, તા.૦૭

લીલીયાના પીપળવા ગામે પતિના ત્રાસથી કંટાળી પત્નીએ કપાસમાં છાંટવાની ઝેરી દવા પીધી હતી. બનાવ અંગે સોનલબેન મનોજભાઈ ગાયજન (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ મનોજભાઈ અમૃતભાઈ ગાયજન છેલ્લાં પાંચ વર્ષથી શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હતા. પાંચેક દિવસ પહેલા ગાળો આપી ઝઘડો કર્યો હતો. જેથી તેમણે ગઘડો નહીં કરવાનું સમજાવતાં આરોપીએ ઉશ્કેરાઈ જઈ માર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પતિના ત્રાસથી કંટાળી તેમણે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ કનુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.






## અવસાન નોંધ

**આંબરડી(જોગીદાસ)**

ગોવિંદભાઈ વિરજીભાઈ રાદડીયા(ઉ.વ.૭૨) સં.૨૦૮૧ના કારતક સુદ પને બુધવાર તા.૬/૧૧/૨૪નાં રોજ રામચરણ પામેલ છે. જગદીશભાઈ ગોવિંદભાઈ રાદડીયાનાં પિતાશ્રીની દશા સં.૨૦૮૧નાં કારતક સુદ ૧૨ને બુધવાર તા.૧૩/૧૧/૨૪નાં રોજ રાખેલ છે તેમજ પાણીઢોળ(ઉત્તરક્રીયા) સં.૨૦૮૦નાં કારતક સુદ ૧૩ને ગુરૂવાર તા.૧૪/૧૧/૨૪નાં રોજ રાખેલ છે.

**કેરીયાનાગસ**

કેરીયાનાગસ નિવાસી સ્વ.બ્રિજેશભાઈ ગગજીભાઈ લાંભીયા (ઉ.વ.૩૨) સંદીપભાઈના નાના ભાઈ તા.૬/૧૧/૨૪ને બુધવારનાં રોજ રામચરણ પામ્યા છે.

**બગસરા**

બગસરા નિવાસી સ્વ.શાંતાબેન વૃજલાલ જોષી (ઉ.વ. ૯૫) તે પંકજભાઈ વૃજલાલ જોષી નિવૃત્ત પીજીવીસીએલ, મહેશભાઈ વૃજલાલ જોષી નિવૃત્ત એસટી કર્મચારી, મધુબેન ઉમેશકુમાર જોષી અને દેવીબેન કિરીટકુમાર રાવલના માતુશ્રી તેમજ મયુર પંકજભાઈ જોશી અને કૌશિક મહેશભાઈ જોશીના દાદીમાનું તા. ૬/૧૧/૨૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૮/૧૧/૨૪ ને શુક્રવારે તેમના નિવાસ સ્થાને સ્વામી વિવેકાનંદ શેરી નં. ૬ ભોજલરામ નગર બગસરા ખાતે રાખેલ છે.

**મોટી કુંકાવાવ**

મોટી કુંકાવાવ નિવાસી ગોકુલ પાન સેન્ટરવાળા દિનકરરાય શાંતિલાલ જોશી (ઉ.વ. ૮૮) તે હિતેષભાઇ, સ્મિતાબેન, હિમાંશુભાઈ જાની (અમરેલી) તેમજ હીનાબેન મહેશકુમાર દવે (સાવરકુંડલા)ના પિતાશ્રી તેમજ તુષારભાઈ તથા માનસીબેનના દાદાનું તા.૬-૧૧-૨૦૨૪ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૮-૧૧- ૨૦૨૪ ને શુક્રવારના રોજ તેમના નિવાસ સ્થાનની બાજુમાં નાથાભાઈ દેવાણીના ડેલામાં મોટી કુંકાવાવ મુકામે સાંજના ૪ થી ૬ રાખેલ છે.


















### ખાખબાઈ ગામે આર્થિક સંકડામણથી યુવકે ગળાફાંસો ખાધો

રાજુલા, તા.૦૭

રાજુલાની જૂની ખાખબાઈ ગામે યુવકે આર્થિક સંકડામણથી ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યો હતો. બનાવ અંગે તેજાભાઈ સંગ્રામભાઈ વાઘેલા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, ભાભલુભાઈ સંગ્રામભાઈ વાઘેલાના ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી અને આ વર્ષે મજૂરીકામ પણ સરખું મળતું નહોતું. આર્થિક પરિસ્થિતિથી કંટાળી તેણે ખાખબાઈ ગામે ધીરૂભાઈ ચકુરભાઈ કલસરીયાની વાડીએ ઈલેક્ટ્રિક ટીસીના પાઈપ સાથે દોરડું બાંધીને ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાંધવા વધુ તપાસ કરી રહ્યા છે.




# જિલ્લામાં વન્યપ્રાણીઓના માનવીઓ પર થતા હુમલા ચિંતાજનક

ખાસ રીપોર્ટ મયુર પટેલ

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને અમરેલી જિલ્લામાં તાજેતરની ઘટનાઓએ સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ સર્જ્યો છે. અમરેલી જિલ્લામાં સિંહ અને દીપડા ગામમાં આવી જવા જાણે સામાન્ય થઈ ગયું છે. અત્યાર સુધી સિંહે પશુઓનો શિકાર કર્યો હોય, તેવા સમાચાર અવાર-નવાર સામે આવતા હોય છે. છેલ્લા ૧૫ દિવસમાં માનવ હુમલાની ચાર ઘટના નોંધાઈ છે, જેમાં બાળકો પણ સામેલ છે. સિંહો શિકારની શોધમાં ગ્રામીણ વિસ્તારોમાં આવી ચઢે છે અને ઘણીવાર પશુધનને નિશાન બનાવે છે તેથી ગ્રામજનો માટે પરિસ્થિતિ વધુ વિકટ બની છે. સિંહોના વધી રહેલા હુમલાથી સીમમાં કામ કરતાં શ્રમિકો, લોકોમાં ફફડાટ ફેલાયો છે. તેમાં પણ જે વિસ્તારમાં દીપડાની સંખ્યા વધારે છે ત્યાં લોકો ડગલને પગલે ભયના ઓથાર હેઠળ કામ કરી રહ્યા છે. મંગળવારની ઘટના મુજબ, લાલુભાઈ પઠાણ નામના યુવાન ખેડૂત પર ગીદરડી ગામમાં ઢોર ચરાવતી વખતે હુમલો થયો હતો. સિંહે વાછરડા પર હુમલો કર્યો અને પઠાણ તેનો બચાવ કરવા માટે આગળ વધ્યો ત્યારે સિંહે તેના પર હુમલો કર્યો હતો. જે બાદ વનવિભાગે હુમલો કરનારા સિંહને પાંજરે પૂરવાની કવાયત હાથ ધરી હતી. ૪ નવેમ્બરે જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા ગામ નજીક સિંહણે ૭ વર્ષની બાળકીનો શિકાર કર્યો હતો. સિંહણ બાળકીને લઈને દૂર ભાગી ગઈ હતી. ત્યારબાદ વનવિભાગે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં બાળકીના અવશેષો મળી આવ્યા હતા.



મહિલા પોતાની ૭ વર્ષની પુત્રી સાથે વાડીથી પરત ફરી રહી હતી તે દરમિયાન અચાનક સિંહણે બાળકી પર હુમલો કરી માતાની નજર સામે બાળકીને ખેતરમાં ખેંચી ગઈ હતી. કુટુંબીજનો અને સ્થાનિક અધિકારીઓએ વ્યાપક શોધખોળ કરી હતી, પરંતુ તેના અવશેષો મળી આવ્યા હતા. રાતભરના પ્રયાસો બાદ વનવિભાગે માનવભક્ષી સિંહણને પાંજરે પુરી હતી. અગાઉ ૨૨ ઓક્ટોબરના રોજ જીકાદરી ગામે લોકો કપાસ વીણતાં હતા, ત્યાં આસપાસ બે બાળકો રમતા હતા તે સમયે એકાએક ત્રણ-ચાર વાગ્યાની આસપાસ સિંહણ આવીને ત્યાંથી પાંચ વર્ષના એક બાળકને બે ખેતર દૂર ઢસડીને લઈ ગઈ અને તેનું મારણ કર્યું હતું. ઘટનાની જાણ થતાં ગામના લોકોએ આવીને શોધખોળ કરતા નાના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો.

## સિંહોના હુમલાથી માનવ મૃત્યુમાં ચોંકાવનારો વધારો

વર્ષોથી સિંહો સાથે સહઅસ્તિત્વ ધરાવતી નજીકની વસ્તી માટે હુમલામાં વધારો ચિંતાજનક છે. ઘણી વખત સિંહો લોકોની વધુ અવરજવર હોય તેવા અસુરક્ષિત વિસ્તારોમાં પ્રવેશ કરે છે. તાજેતરના ડેટા મુજબ સિંહોના હુમલાથી માનવ મૃત્યુમાં ચોંકાવનારો વધારો થયો છે, પાછલા વર્ષોમાં ૧૫૦% જેટલો વધારો થયો છે.

## સિંહણ કેમ કરે છે વધુ હુમલા?

વરિષ્ઠ ફોરેસ્ટ ઓફિસર ડૉ. સંદીપ કુમારે જણાવ્યું કે, સિંહણ સિંહો કરતાં શિકાર કરવા માટે વધુ આક્રમક વલણ ધરાવે છે. કારણ કે સિંહણની મુખ્ય જવાબદારી તેમના સંતાનોને ખવડાવવાની છે, જ્યારે નર પ્રાદેશિક સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમ જેમ સિંહો તેમના શિકારના પ્રદેશને માનવ સમુદાયોમાં વિસ્તારી રહ્યા છે તેમ આવી ઘટના વધી રહી છે. સાવજના વર્તનમાં આવી રહેલો ફેરફાર માનવ હુમલામાં વધારો સમજવામાં મદદ કરી શકે છે.



# ચલાલામાં રીબડીયા પરિવારના આંગણે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો આરંભ

ચલાલા, તા.૦૭



ચલાલાના સેવાભાવી, પરોપકારી, યુવા અગ્રણી સ્વ.પ્રદીપભાઈ રીબડીયાના મોક્ષાર્થે તેમના પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

સપ્તાહના પ્રારંભે ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને ગીતાબેન સંઘાણીની ઉપસ્થિતિમાં વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી હતી. કથાનો સમય બપોરે ૧.૩૦ થી સાંજના ૬.૩૦ સુધીનો છે અને કથા ૧૨-૧૧-૨૦૨૪ના રોજ વિરામ લેશે, ભાવિક ભક્તોને કથાનો લાભ લેવા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલી શહેરમાં ફટાકડા ફોડવાની ના પાડી છરી કાઢી

અમરેલી, તા.૦૭

અમરેલી શહેરમાં બહારપરા રોશનુ હોસ્પિટલ સામે રહેતા હુસૈનભાઈ દાઉદભાઈ તરકવાડીયાએ સરફરાજ, ઈમરાન, વસીમ તથા શબ્બીર નામના ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના નાના છોકરાઓ શેરીમાં ફટાકડા ફોડતા હતા ત્યારે આરોપીએ ફટાકડા ફોડવાની ના પાડી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સરફરાજ તેમને છરી મારવા જતાં તેઓ નીચે ઝુકી જતાં છરકો થઈ જતાં લોહી નીકળવા લાગ્યું હતું.

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા ડિવિડન્ડ ચૂકવણીનો પ્રારંભ

**મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો**

બગસરા, તા.૦૭



બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીએ વર્ષ ૨૦૨૩-૨૪માં ૪,૨૧,૨૧,૧૨૧નો નફો કર્યો હતો.

જેમાં સભાસદના જમા શેરભંડોળ ઉપર ૧૫ ટકા ડિવિડન્ડના રૂ. ૪૬૩૭૧૭૬ની રકમ એનાયત કરવાનો શુભારંભ લાભપાંચમના દિવસે મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો હતો.

જેમાં શાખાના એમડી, ડીરેકટરો, એડવાઈઝરી બોર્ડ મેમ્બર, સાધુ-સંતો, રાજકીય આગેવાનો, વેપારી સંસ્થાના આગેવાનો સહિતના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળીના જનરલ એમડી નિતેષ ડોડીયાએ કર્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા. ૦૮-૧૧-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૮,
સૂર્યાસ્ત-૦૫:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૦૮-૧૧-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. સાંજથી મોડી રાત સુધી પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે હવામાન અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. સ્થળાંતરનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. પરંતુ નફા કરતા વધારે ખર્ચા હોવાને કારણે મુશ્કેલી રહેશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. ખોરાકમાં વિશેષ કાળજી લો, નહીં તો સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો થઈ શકે છે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, મજબૂત વિરોધીઓ છતાં સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

# ધારીના માણાવાવ ગામે યુવકને તલવારના ઘા ઝીંકી જાનથી મારવાની ધમકી આપી

ધારી,તા.૦૭

ધારીના માણાવાવ ગામે થયેલી બોલાચાલી મુદ્દે સમજાવવા ગયેલા યુવકને તલવારના ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે નજુભાઈ રામકુભાઈ વાળા (ઉ.વ.૩૧)એ તેમના જ ગામના રવિરાજભાઈ બદરુભાઈ વાળા, જયદીપભાઈ જીલુભાઈ વાળા, મહિપતભાઈ જીલુભાઈ વાળા, જીલુભાઈ દેસાભાઈ વાળા, બદરૂભાઈ દેસાભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિપતભાઈ જીલુભાઈ વાળા તેમના ફઈના દીકરા દિલુભાઈ ખોડાભાઈ ધાખડાની વાડી પાસે પોતાના માલઢોર ચારતા હતા તે સમયે ભેંસો દિલુભાઈની વાડીમાં ચરવા જતી રહી હતી. જે બાબતે દિલુભાઈએ ઠપકો આપતા બોલાચાલી કરી ઝપાઝપી કરી હતી. જે બાબતે સમાધાન થઈ ગયું હતું. આ વાતને લઈને તેઓ સમજાવવા જતાં સારું નહોતું લાગ્યું અને તલવાર કાઢી ઘા ઝીંક્યા હતા. તેમજ મુંઢ ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.




દેનેકો ટુકડા ભલા, લેનેકો હરિ નામ
સંત શિરોમણી
શ્રી જલારામ બાપાની
૨૨૫ મી જન્મજયંતિ નિમિત્તે
સર્વે ભાવિક ભકતોને
જય જલારામ
...શુભેચ્છક...
આશિષભાઈ ગણાત્રા

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA
PREMIUM BODY SPA
ધમાકા ઓફર



લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents



ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

તંત્રી લેખ

# ઝારખંડમાં અનોખો ચૂંટણી જંગ

ઝારખંડમાં ચૂંટણી સાવ નજીક છે ત્યારે વિવિધ રાજકીય પક્ષો એકબીજા પર આક્ષેપો પ્રતિ આક્ષેપો કરવામાં વ્યસ્ત છે બીજી બાજુ ઝારખંડની પ્રજા અનેક પ્રકારની સમસ્યાઓ સામે જ લડી રહી છે. ઝારખંડ ભાજપના ઠરાવ પત્રને તેની ગેરંટી ગણાવતા **JMM**, કોંગ્રેસ અને **RJD** આ પાર્ટીઓને માત્ર તેમના પરિવારની ચિંતા છે જનતાની નહીં. આદિવાસીના પુત્ર ચંપાઈ સોરેનને અપમાનિત કરવામાં કોઈ કસર બાકી ન હતી. ઝારખંડની સરકાર માફિયાઓની ગુલામ બની ગઈ છે. આ વિસ્તાર રેતીની તસ્કરીનું કેન્દ્ર બની ગયો છે. લોકોને ભાગવાની ફરજ પડી. આ લોકો ભાગબટાઈના વ્યવહારમાં વ્યસ્ત છે. ધંધો બંધ થઈ રહ્યો છે. પરંતુ ટ્રાન્સફર પોસ્ટીંગનો ધંધો ફૂલીફાલી રહ્યો છે. ઝારખંડમાં **NDA**ની સરકાર બનશે તો માતાઓ અને બહેનોને ગોગો-દીદી યોજના દ્વારા દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે. યુવાનોને મળશે યુવા સાથી ભથ્થુ. માત્ર રૂ.૫૦૦માં ગેસ સિલિન્ડર મળશે. આગામી વર્ષે દિવાળી અને રક્ષાબંધન પર બહેનોને બે સિલિન્ડર મફતમાં મળશે. પીએમે કહ્યું કે મેં ત્રણ કરોડ ઘર બનાવવાની ગેરંટી આપી હતી. સરકાર બનતાની સાથે જ કામ શરૂ થઈ ગયું. ઝારખંડમાં ભાજપે ૨૧ લાખ નવા મકાનો બનાવવાનું વચન આપ્યું છે. દરેક ગરીબને કાયમી ઘર હશે. આ ભાજપની ગેરંટી છે. ડાંગરની સરકારી ખરીદી રૂ.૩૧૦૦ પ્રતિ ક્વિન્ટલ કરવાનો નિર્ણય લેવાયો છે. નાના અને સીમાંત ખેડૂતો અને પશુપાલકોને આર્થિક મદદ મળશે. આદિવાસી પરિવારોની આજીવિકા વધારવા માટે પણ જાહેરાતો કરવામાં આવી છે. તેંદુના પાન, મહુઆ અને મશરૂમ્સ જેવા ઉત્પાદનો પર પ્રક્રિયા કરવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું ખડગે જીના મોંમાંથી સત્ય કેવી રીતે બહાર આવ્યું. તેમણે કહ્યું છે કે કોંગ્રેસની વાહિયાત જાહેરાતો તેમને નાદાર કરી દેશે. જેએમએમ, કોંગ્રેસ અને આરજેડીએ મળીને અહીંના લોકોને દગો આપ્યો છે. આ લોકોએ પાંચ વર્ષ સુધી કંઈ કર્યું નથી. જ્યારે ભાજપની યોજના બહાર આવે છે ત્યારે તેઓ મહિલાઓની આંખમાં ધૂળ નાખવા માટે નકલી જાહેરાતો કરી રહ્યા છે. નકલ શક્ય છે પણ ઈરાદો ક્યાંથી આવશે? ઝારખંડ સરકારે આવાસના નામે માત્ર ગરીબોને છેતર્યા છે. કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઝારખંડમાં ૧૬ લાખ ગરીબો માટે ઘર બનાવ્યા. આ મકાનો **ST, SC** અને **OBC** પરિવારોને આપવામાં આવ્યા હતા. ગઢવા જિલ્લાના પરિવારોને લગભગ એક લાખ ૧૫ હજાર ઘરો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે જેએમએમ અને કોંગ્રેસને પૂછો કે અબુઆ હાઉસિંગ સ્કીમનું શું થયું. આ યોજનાના નામે વિશ્વાસઘાત કેમ? ગઢવામાં પીએમ મોદીએ કહ્યું કે જેએમએમ, કોંગ્રેસ અને આરજેડીએ ઝારખંડના યુવાનોને બેરોજગારી ભથ્થું આપવાનું વચન આપ્યું હતું પરંતુ વચન પાળ્યું નથી, તેને સજા થવી જોઈએ. ઝારખંડમાં પેપર લીક અને ભરતીમાં ગોટાળો એક ઉદ્યોગ બની ગયો છે.

# મેદસ્વિતાથી બચવા માટે જીવનશૈલી બદલીએ અને ૧૦૦ વર્ષ સાજા નરવા રહીએ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દરેક માણસને ખૂબ લાંબુ જીવવું છે કોઈને મરવું ગમતું નથી. સો વર્ષ સુધી આરોગ્યમાન રહેવું હોય તો તે માટેના આરોગ્ય વિશેના નીતિ નિયમો પાળવા જોઈએ. ખાસ કરીને રોગોથી દૂર રહેવા માટે સૌથી વધુ મહત્વની વસ્તુ છે કે સ્થૂળતા સામે સાવધાન રહેવું અત્યંત જરૂરી છે આ માટે તળાજા પંથકના વિખ્યાત સેવાભાવી આયુર્વેદના નિષ્ણાંત સરવૈયા સાહેબ કહે છે કે સો વર્ષ સાજા નરવા રહેવા માટે ભૂખ લાગે એના કરતાં અડધું જમો અને તરસ લાગે એના કરતાં ડબલ પાણી પીવું જોઈએ. તમામ રોગોનુ એપિસેન્ટર પેટ છે. સ્વસ્થ રહેવા માટે સ્લીમ રહો. માનવ માત્રને સુખી જીવન જીવવાની ઈચ્છા છે. બધાને લાંબુ જીવન જીવવું છે. અને તે પણ રોગ રહિત જીવન સૌનું એક સપનું છે. પરંતુ મહત્વની વસ્તુ એ છે કે શારીરિક સ્થૂળતા આમાં સૌથી મોટો અવરોધ બને છે અને માનવી અસાધ્ય રોગોનો ભોગ બનીને અકાળે અવસાન પામે છે. સમગ્ર વિશ્વમાં મેદસ્વિતા ઓબેસિટી – જાડાપણાએ સમસ્યા ઉભી કરી છે. જેમ જેમ વિજ્ઞાનમાં સંશોધનો થતા ગયા તેના ફળ સ્વરૂપ માનવીની જીંદગીમાં સગવડતાઓ વધતી ગઈ તેને કારણે સમગ્ર જીવનશૈલીમાં બદલાવ આવી ગયો, શારીરિક શ્રમ ઘટયો તેને બદલે ઓછી મહેનતે વધુ સગવડતા પ્રાપ્ત થતાં, શ્રમનું મહત્વ ઘટતું ગયું આને કારણે બેઠાડું જીવન, આહાર લેવાની પધ્ધતિ, માનસિક વિચારોમાં બદલાવ, ઉંઘ ભોગતાવાદ વધતા માનવીનું બાહ્ય બંધારણ બદલાઈ ગયું, મેદસ્વિતાને કારણે જાડાપણું વધતું ગયું. આજે વિશ્વમાં બાળકો માટે પણ કહેવાય છે કે બાળકો વધુ પડતા જાડા બનતા જાય છે. બાળકોને માતાના દૂધનો લાભ ઓછો મળે છે બજારમાંથી પ્રાપ્ત થતાં બેબીફુડનો વ્યાપ વધતો જાય છે તેમજ જેમ જેમ મોટા થતાં જાય છે તેમ તેમ ચોકલેટ, પીપર, ચ્યુંગમ, બટાટાની વેફર, મેંદાની વસ્તુઓનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરે છે. તેથી શરીરમાં ખાંડ- શર્કરા- ચરબીનું પ્રમાણ વધતા મેદસ્વિતાની સમસ્યા સર્જાય છે. આપણે હવે ફાસ્ટસ ફુડ લેતા થયા, પંજાબી કે ચાઈનીઝ ફુડમાં ચીઝ, માખણનો ઉપયોગ વધુ થવા લાગ્યો, મેંદાનો તેમજ ઘીનો વપરાશ ઘરોમાં વધતો જાય છે તેને કારણે મેદસ્વિતાની સમસ્યા મોટામાં પ્રમાણમાં જોવા મળે છે. તેમાં બહેનોમાં ખાસ, શ્રમ ઓછો અને ખોરાક વધુ અને




બેઠાડું જીવન થવાથી જાડાપણાની સમસ્યા સર્જાઈ છે. આ જાડાપણાની સમસ્યા અંગે ગંભીર બનવું જરૂરી છે. તેને સરળતાથી ન લેતા આહાર અને જીવન શૈલીમાં બદલાવ લાવવો જરૂરી છે. મેદસ્વિતા એટલે કે વધુ પડતી મેદવાળી સ્થિતિને મેદસ્વિતા કહે છે. શરીરમાંથી ચરબી એટલે કે મેદને અતિ ચોકસાઈથી માપવા માટેની પધ્ધતિઓ છે પરંતુ તેમનો રોજે રોજના નિદાન માટે ઉપયોગ થતો નથી, સામાન્ય શારીરિક તપાસ વડે મેદસ્વિતાનું નિદાન કરી શકાય છે. સામાન્ય રીતે મેદસ્વિતા જાડાપણું જાણવા માટે બે પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં એક પધ્ધતિ સાપેક્ષ વજનથી જે અંગ્રજીમાં રીલેટીવ વેઈટ કહે છે જે કિ.ગ્રા. માં મપાય છે. સાપેક્ષ વજન એટલે વ્યક્તિનું વજન કિ.ગ્રા. તેને ઈચ્છિત વજન જે ઉંચાઈના પ્રમાણમાં હોવું જોઈએ તેના વડે ભાગવાથી મળે છે જે ભાગક્રમ મળે છે તેને સો વડે ગુણવાથી પ્રતિશત પ્રમાણ મળે છે. બીજી પધ્ધતિ છે દેહ વળાંક જેને બોડી માસ ઈન્ડેકસ કહે છે. જેમાં વ્યકિતનું વજન કિ.ગ્રા. માં લઈ તેને વ્યક્તિની ઉંચાઈ-મીટરમાં તેનાથી ભાગી જે જવાબ મળશે તે બી.એમ.આઈ. કહેવાય છે. વ્યકિતઓની જુદી જુદી ઉંચાઈ તેના સામાન્ય વજન ગણવામાં આવે છે જેને ઈચ્છિત વજન કહેવાય તેનાથી કેટલું વધુ કે ઓછું છે તેનાં ટકા ગણવામાં આવે છે જેને સાપેક્ષ વજન કહેવામાં આવે છે. દેહદળ- દેહસૂચકાંક બી.એમ.આઈ.નું સામાન્ય મુલ્ય ૨૦ થી ૨૫ કિ.ગ્રા. પ્રતિ મીટરનો વર્ગ છે. અમેરિકામાં મેદસ્વિતાની વ્યાખ્યા અનુસાર બી.એમ.આઈ. ૨૭ કિ.ગ્રા. પ્રતિ મીટરનો વર્ગ છે. મધ્યમ મેદસ્વિતા ૩૦ થી ૪૦ અને તીવ્ર (વધુ) મેદસ્વિતા ૪૦ કિ.ગ્રા. પ્રતિ મીટરના વર્ગ સામાન્ય રીતે બેઠકનો ભાગ અને જાંઘ કરતા પેટ અને પડખામાં ચરબી વધુ હોય તો તે જોખમી ગણાય છે. ડુંટી આગળના પરિઘ અને કેડના સાંધા, જોઈન્ટ, આગળના પરિઘ વચ્ચેનો ગુણોત્તર પુરુષોમાં એક અને સ્ત્રીઓમાં ૦.૮૫ થી વધુ હોવો જોઈએ નહીં વધુ હોય તો તે મેદસ્વિતા સુચવે છે. મેદસ્વિતાને કારણે મધુપ્રમેહ ડાયાબિટીશ, લકવો, પેરાલિસિસ, હૃદયરોગ થવાની સંભાવના વધે છે. જાડી વ્યકિતઓમાં લોહીનું ઉચ્ચું દબાણ, બીજા પ્રકારનો મધુપ્રમેહ તથા લોહીમાં ચરબીનું પ્રમાણ વધે તો હૃદયમાં ધમનીનો રોગ, સાંધાનો ઘસારો, માનસિક અસ્થિરતા, પુરુષોમાં આંતરડા અને મળાશયના કેન્સર, સ્ત્રીઓમાં સ્તન, ગર્ભાશય, અંડપીંડ તથા પિતાશયના કેન્સર, લોહીના વિકારો, ચામડીના રોગો થવાની સંભાવના રહે છે. હૃદયરોગ થવાને કારણે મેદસ્વિ વ્યકિતઓમાં મૃત્યુ દર વધુ જોવા મળે છે. મેદસ્વિતા વધવાના કારણોમાં વધુ પડતી કેલેરીવાળા આહાર, બેઠાડું જીવન તથા જનીન બંધારણ એટલે કે વારસાગત રીતે મેદસ્વિતા થાય છે. તબીબી રીતે એમ પણ માનવામાં આવે છે કે માણસમાં મેદ પેશીઓમાં બી-૩ સ્વીકારક માટેના જનીનોમાં જયારે વિકૃતી આવે છે ત્યારે મેદસ્વિતા થાય છે. તબીબી તપાસમાં ઘણા પાસાઓનો વ્યકિત દીઠ અભ્યાસ કરવામાં આવે છે. વજનની વધઘટ, કુટુંબમાં તેમનું પ્રમાણ, ખાવા તથા શ્રમ વગેરેનું વલણ વર્તન, વ્યવસાય, તમાકુ તથા દારૂનું સેવન તથા કેટલાંક મનોવૈજ્ઞાનિક પરિબળો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. અમુક ગ્રંથીમાંથી ગ્લુયકો કોટિકોઈડ નામનો અંતઃ સુગર વધારે પ્રમાણે ઝરે તો મેદસ્વિતા વધે છે. તે માટે ઘણીવાર લોહીમાં ગ્લુકોઝ, કોલેસ્ટ્રોલ તથા ટ્રાઈગ્લિસરાઈડ પ્રમાણ જાણવામાં આવે છે.

**આનંદના ઉત્સવ સમયે માનવી ખાવા-પીવામાં કંટ્રોલ રાખતો નથી. તળેલું, ઠારેલું એટલે કે ફ્રીજમાં રાખેલું તથા પાઉચ પેકિંગમાં આવતું અને તીખું તમતમતું ભોજન આજે સૌથી વધારે લેવામાં આવે છે.**

કોલેસ્ટ્રોલમાં એચ.ડી.એલ. અને એલ.ડી.એલ.નું પ્રમાણ પણ જાણવામાં આવે છે. મેદસ્વિતા ધરાવનાર વ્યકિતને આહાર પર નિયંત્રણ લાવવું જરૂરી છે, તે માટે ઓછી કેલેરી ધરાવતો આહાર, આહાર પ્રમાણે વર્તન બદલાવાનું શિક્ષણ, સતત કસરતો, પ્રાણાયામ અને યોગ તેમજ સામાજીક સહકારના પાસાને આવરી લેવાય છે. આહારમાં પણ ઓછી ચરબી વાળો ખોરાક, વધુ રેસાવાળો ખોરાક લેવો જોઈએ. આવી મેદસ્વિતા ઘટાડવા માટે લાંબા સમયનું આયોજન કરવું જરૂરી છે. ખોરાકનું આયોજન અને નોંધણી, કસરત વગેરેનું ટાઈમ ટેબલ બનાવી આયોજન કરવું જોઈએ. માનવીએ ડાયાબિટીસ હાર્ટ એટેક, બ્રેઈન સ્ટ્રોક સહિતના અસાધ્ય રોગોથી જો દૂર રહેવું હોય તો તેને પોતાની સ્થૂળતાને નિયંત્રિત કરવી જરૂરી બની જાય છે.

## શબ્દ સંજોગ-૧૮૯૭



**આડી ચાવી :**
(૧) એક માસ ઉપવાસ કરનારી સ્ત્રી (૪)
(૫) હંમેશા (૨)
(૭) જગત (૨)
(૮) મજબૂત અને ટકાઉ નહિ એવું (૪)
(૯) નાગપંચમીએ ખવાતી મીઠાઈ (૨)
(૧૧) અમેરિકી ચલણ (૩)
(૧૩) નાની તલવાર, ખંજર (૩)
(૧૬) તરંગ, ફાંટો (૧)
(૧૭) ચેતતા ... સદા સુખી (૨)
(૧૮) એક ઝાડ (૪)
(૨૧) નવની સંજ્ઞા (૨)
(૨૨) શુ ? (૧)
(૨૩) ડગવું તે,અસ્થિરતા (૨)
(૨૫) વિચાર, મનન (૨)
(૨૭) અમલ, રાજય (૩)
(૨૯) લખવું તે (૩)
(૩૧) એક પક્ષી (૩)
(૩૩) એક સુગંધીદાર ધોળી ભૂકી (૩)
(૩૪) ગાવાની ઢબ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક જાતનું ચોકડિયા ભાતનું કપડું (૪)
(૨) ગોવાળોનું ગામ (૨)
(૩) ૩-ત્રણની સંજ્ઞા (૩)
(૪) એક પક્ષી (૩)
(૫) મા તુઝે ..... (૩)
(૬) મમ્મીના મમ્મીના વેવાણ (૨)
(૧૦) આ શહેરની બાંધણી પ્રખ્યાત છે. (૫)
(૧૨) મીણ (૩)
(૧૪) ચોરી કરનાર માણસ (૨)
(૧૫) સંન્યાસની દીક્ષા (૨)
(૧૯) અંજામ, પરિણામ (૩)
(૨૦) દસ્તાવેજ (અં) (૨)
(૨૧) ગગનમંડળ (૩)
(૨૪) એક અટક (૩)
(૨૬) એક મીઠાઈ (૩)
(૨૭) અમિતાભ, શશી, પરવિન, બિંદીયાની એક ફિલ્મ (૨)
(૨૮) જોવું તે, દૃષ્ટિ (૩)
(૩૦) શઠ, ધૂર્ત (૨)
(૩૨) ધાતુનો નકકર સળિયો (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૬ જવાબ

**આડી ચાવી :** (૨) કાનમ (૩) શતમી (૭) રબ (૮) કાનસીલ (૧૦) નમણ (૧૧) તાજો (૧૨) તોમર (૧૩) વતન (૧૫) શકલ (૧૭) સાગ (૧૮) લટ (૧૯) કારણ (૨૦) પદ (૨૧) કમાન (૨૩) સીકર (૨૬) તનયા (૨૮) માખણ (૩૦) નિયમ (૩૧) મવાલ.

**ઉભી ચાવી :** (૧) કાનન કૌશલ (૨) મરણતોલ (૪) તકાજો (૫) મીન (૬) પોલ (૯) સીમંત (૧૧) તાર (૧૩) વગ (૧૪) નણંદ (૧૬) કટક (૧૭) સાણસી (૧૯) કાનન (૨૦) પરખ (૨૨) માતમ (૨૪) કમાલ (૨૫) શનિ (૨૭) યામ (૨૯) ણમા (માણ).

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૨૫ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૬૬ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૬૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૦૦ | ૫૩૩ |
| તુવેર | ૯૦૦ | ૧૬૧૬ |
| ચણા પીળા | ૧૨૮૦ | ૧૪૧૪ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૩૦૩૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૧૪૪૦ | ૩૧૩૦ |
| વટાણા | ૬૯૦ | ૧૦૩૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૪૮૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૨૯ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૧૮૦ |
| તલી | ૨૦૦૦ | ૨૬૨૫ |
| એરંડા | ૧૧૬૬ | ૧૨૩૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૦ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૨૮૯૦ | ૩૯૦૦ |
| લસણ | ૩૫૦૦ | ૫૩૦૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૬૭૧ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૨૩૩ |
| ધાણી | ૧૩૧૦ | ૧૮૮૪ |
| વરીયાળી | ૧૦૭૦ | ૧૩૩૨ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૮૩૧ |
| રાય | ૧૦૫૦ | ૧૩૪૬ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૧૮ |
| કલોંજી | ૩૭૪૪ | ૩૭૯૫ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૪૪ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૨૫૦ |
| ગુવારનું બી | ૮૯૦ | ૯૨૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૮૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૫૦૦ | ૮૧૦ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૭૬૦ |
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |

| | | |
|---|---|---|
| કોથમરી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૭૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૬૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૯૦ |
| શિંગ મોટી | ૮૦૫ | ૧૩૦૦ |
| શિંગદાણાફાડા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| તલસફેદ | ૧૫૧૫ | ૨૬૬૬ |
| તલકાળા | ૨૮૦૫ | ૩૯૦૦ |
| બાજરો | ૪૯૧ | ૫૫૪ |
| જુવાર | ૬૯૭ | ૬૯૭ |
| ઘઉં ટુકડા | ૫૩૧ | ૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૯૧ |
| અડદ | ૧૧૨૦ | ૧૪૩૬ |
| ચણા | ૮૫૦ | ૧૩૫૦ |
| કપાસ | ૯૭૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૪૨૩૫ | ૪૩૫૦ |
| ધાણા | ૧૧૩૦ | ૧૧૩૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૬૦૦ | ૮૮૬ |
| સુવાદાણા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| મરચા લાંબા | ૮૦૦ | ૨૭૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૩૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીઝ | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૫૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૫૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| વાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૨૦ | ૧૬૪૫ |
| જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં | ૪૮૪ | ૬૩૨ |

| | | |
|---|---|---|
| મગ | ૧૨૦૦ | ૧૭૫૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૮૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ચણાસફેદ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| મગફળીજીણી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૫૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૭ |
| રાયડો | ૭૬૫ | ૧૦૨૦ |
| લસણ | ૪૦૦૦ | ૫૬૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૪૦ |
| અજમો | ૨૦૦૦ | ૨૯૮૫ |
| ધાણા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળીસુકી | ૨૦૦ | ૮૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૫૭૮ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૭૫૨ |
| મગફળીજીણી | ૮૫૧ | ૧૦૯૬ |
| જીરૂ | ૩૪૫૧ | ૪૮૫૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૪૧ |
| તુવેર | ૧૨૨૧ | ૧૯૫૧ |
| મેથી | ૯૬૧ | ૯૬૧ |
| મગફળીજાડી | ૬૦૦ | ૧૨૨૬ |
| સફેદચણા | ૧૩૦૧ | ૨૮૮૧ |
| બાજરો | ૪૨૧ | ૫૪૧ |
| જુવાર | ૩૦૧ | ૭૫૧ |
| મકાઈ | ૫૭૧ | ૫૭૧ |
| વાલ | ૪૨૧ | ૧૭૫૧ |
| ચોળી/ચોળા | ૭૦૧ | ૨૪૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૬૦૦ |
| કપાસ કોડી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મગફળી | ૧૦૭૫ | ૧૨૪૫ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૫૦ |
| સોયાબીન | ૭૬૮ | ૮૨૨ |
| સફેદતલ | ૨૦૨૫ | ૨૨૭૫ |
| ચણા સફેદ | ૧૪૨૫ | ૧૮૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-જીણી | ૯૦૦ | ૧૦૬૦ |
| શીંગ - મોટી | ૯૫૦ | ૧૧૯૦ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૭૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૪૭૦ |
| કપાસ | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૬૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૭૦ |
| બાજરો | - | ૫૦૦ |
| અડદ | ૧૦૪૫ | ૧૫૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૬૬૨ | ૮૪૮ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ઘઉં | ૪૫૦ | ૬૨૫ |
| ચણા | ૮૦૦ | ૧૩૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| લસણ | ૨૭૦૦ | ૫૧૮૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૫૨ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૪૩૮ | ૧૫૭૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૬૧ | ૧૫૫૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૭૭૧ | ૭૭૧ |
| સફેદતલ | ૨૦૦૦ | ૨૦૧૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૦૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ઘઉં | ૫૮૧ | ૬૦૧ |
| અડદ | ૧૩૫૧ | ૧૫૦૧ |
| સોયાબીન | ૭૨૫ | ૮૧૧ |
| અડદ | ૧૩૫૧ | ૧૫૦૧ |
| **કોડીનાર** | | |
| મગ.જી-૨૦ | ૧૦૬૦ | ૧૨૪૨ |
| મગફળી૩૨નં. | ૯૭૦ | ૧૧૩૯ |
| બાજરી | ૪૭૦ | ૫૬૯ |
| ઘઉં | ૫૦૦ | ૬૪૫ |
| સફેદતલ | ૨૦૦૦ | ૨૪૫૮ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૬ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૯૪ |
| રજકો | ૩૫૦૦ | ૪૪૦૦ |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૧૮ | ૧૫૪૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૫૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૧ |
| બાજરો | ૬૦૬ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૭૮ |
| મગ | ૧૨૦૦ | ૨૫૬૨ |
| ચણા | ૧૩૧૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૬૯૧ | ૮૧૧ |
| જુવાર | ૭૪૦ | ૮૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૬૬ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૫૭૦ |
| અડદ | ૭૫૦ | ૯૦૦ |
| સોયાબીન | ૫૫૦ | ૭૯૦ |
| ધાણા | ૧૦૧૦ | ૧૨૮૦ |
| મગફળી | ૬૫૧ | ૯૧૮ |
| મકાઈ | ૫૫૧ | ૫૫૧ |
| તલ સફેદ | ૧૮૧૦ | ૨૨૭૦ |
| ચણા | ૯૮૦ | ૧૨૪૫ |
| લસણ | ૩૫૧૦ | ૩૫૧૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૨૦૦ | ૧૫૫૨ |
| શીંગ ૩૨ | ૯૫૧ | ૧૦૯૦ |
| શીંગ ૩૯ | ૯૮૧ | ૧૧૮૮ |
| બાજરીં | ૫૨૬ | ૬૦૮ |
| ઘંઉ ટુકડા | ૬૦૪ | ૭૦૧ |
| અડદ | ૧૩૪૮ | ૧૭૦૦ |
| સોયાબીન | ૭૯૨ | ૮૬૧ |
| ચણા | ૫૩૦ | ૧૨૮૬ |
| તલસફેદ | ૧૩૦૦ | ૨૬૧૦ |
| તલકાળા | ૩૩૧૭ | ૪૦૦૧ |
| ડુંગળીલાલ | ૧૨૫ | ૯૧૮ |
| ડુંગળી સફેદ | ૨૦૪ | ૯૫૫ |
| કપાસશંકર | ૧૩૧ | ૧૫૧૧ |
| નાળીયેર | ૬૩૨ | ૩૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### માંગરોળીયા પરિવારની વાડીનું લોકાર્પણ કરવામાં આવશે

# પીઠવાજાળ ગામે માંગરોળીયા પરિવાર દ્વારા પાટોત્સવનું આયોજન

**શનિવારનાં રોજ રાત્રીના ભવ્ય લોકડાયરો યોજાશે**

અમરેલી, તા.૦૭

અમરેલી તાલુકાનાં પીઠવાજાળ ગામે સત્યાય ધામ માંગરોળીયા પરિવાર દ્વારા સત્યાય માતાજીનો પાટોત્સવ અને માંગરોળીયા પરિવારની વાડીનું લોકાર્પણ તા.૧૦ને રવિવારનાં રોજ કરવામાં આવશે. આ તકે યોજાનાર કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે જે.કે. દેસાઈ અને ઉદ્‌ઘાટક તરીકે પ્રફુલભાઈ માંગરોળીયા(અમદાવાદ) અને કિશોરભાઈ માંગરોળીયા(સુરત) રહેશે. માંગરોળીયા પરિવારનાં વડીલો



ગોરધનભાઈ માંગરોળીયા, ઘનશ્યામભાઈ માંગરોળીયા, રામજીભાઈ માંગરોળીયા, બાલુભાઈ માંગરોળીયા, માયાભાઈ માંગરોળીયા, બાઘાભાઈ માંગરોળીયા, શંભુભાઈ માંગરોળીયા, ધરમશીભાઈ માંગરોળીયા, લાલજીભાઈ માંગરોળીયાનાં હસ્તે પરિવારની વાડીનું લોકાર્પણ કરવામાં આવશે. કિશોરભાઈ માંગરોળીયાનાં હસ્તે મા અન્નપૂર્ણા ભવનનું લોકાર્પણ કરવામાં આવશે. સાથોસાથ વિદ્યાર્થીઓનો પ્રોત્સાહન પુરસ્કાર સમારોહ યોજાશે. આ સમારોહમાં સ્નેહમિલન અને મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પધારવા માંગરોળીયા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શનિવારના રોજ રાત્રીના ૯:૩૦ કલાકે ભવ્ય લોકડાયરો યોજાશે જેમાં કિરણબેન ગજેરા સહિતના ખ્યાતનામ કલાકારો ભજનની રમઝટ બોલાવશે.

# સાવરકુંડલામાં માતાએ ઠપકો આપતાં પુત્રીએ ગળાફાંસો ખાધો

**યુવતી તેના ભાઈ સાથે અવાર-નવાર બોલાચાલી કરતી હતી**

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલામાં રહેતી એક યુવતી તેના ભાઈ સાથે અવાર નવાર બોલાચાલી કરતી હતી. જેથી તેની માતાએ ઠપકો આપતાં લાગી આવ્યું હતું અને ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ સંદર્ભે જગદીશભાઈ ખોડાભાઈ વાઢેર (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી ખુશી (ઉ.વ.૧૯) તેના ભાઈ મીત સાથે વાતવાતમાં બોલાચાલી કરતી હતી. જેથી તેની માતાએ ઠપકો આપતાં યુવતીને લાગી આવતા અને પોતાની મેળે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. એચ. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# કોડીનારમાં મોટા પીરની દરગાહમાંથી ૧૫ ફૂટના મગરનું રેસ્ક્યુ કરાયું

કોડીનાર, તા.૦૭



કોડીનાર તાલુકાના શિંગોડા નદી કિનારે આવેલી મોટા પીરની દરગાહના ગ્રાઉન્ડમાં વહેલી સવારે મગર આવી ચડ્યો હતો.

આ અંગે કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. જામવાળાથી આવેલી રેસ્કયુ ટીમે કલાકોની ભારે જહેમત બાદ મગરને પકડી જામવાળા ખાતે મોકલ્યો હતો. જ્યાંથી આ મગરને ગીર જંગલમાં શિંગોડા ડેમમાં મુક્ત કરવામાં આવ્યો હતો. આ રેસ્ક્યુમાં જામવાળા અને છારા રાઉન્ડના વનવિભાગના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી. આ મહાકાય મગર પાંજરે પૂરાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# જામનગરના મહિલા પોલીસ કર્મીના નિધન બાદ પતિએ કર્યો આપઘાત

**પતિ છેલ્લાં ઘણા દિવસથી ગુમસુમ રહેતો હતો**

જામનગર, તા.૦૭

જામનગરના મહિલા પોલીસ મથકમાં ફરજ બજાવતા એક મહિલા પોલીસ કર્મચારી કે જેઓ પ્રસૂતિ અર્થે પોતાના ભાઈના ઘેર આવ્યા હતા, જ્યાં ભાઈબીજના દિવસે તેઓનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ નિપજ્યું હતું, જેના આઘાતમાં મહિલા પોલીસ કર્મચારીના પતિએ પણ વિજરખી ડેમમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે. આ ભારે ગમગીની ફેલાવનારા બનાવની વિગત એવી છે કે, જામનગરમાં ગોકુલ નગર નજીક શ્યામ નગર શેરી નંબર -૨ માં રહેતા



અને મહિલા પોલીસ મથકમાં મહિલા પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતા સેજલબેન જોગેશભાઈ નકુમ કે જેઓ તાજેતરમાં જ મેટરનીટી લીવ પર ઉતર્યા હતા, અને છેલ્લા બે મહિનાથી તેઓ પોતાના માવતરે પ્રસૂતિ અર્થે ગોકુલ નગર રહેવા માટે આવ્યા હતા. જ્યાં ભાઈબીજના તહેવારના દિવસે બાથરૂમમાં નહાવા માટે જતાં તેઓને હૃદય રોગનો હુમલો આવી ગયો હતો, અને સેજલબેનનું મૃત્યુ નિપજ્યું હતું.

# તા.૧૬મીએ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. તા.૧૬ નવેમ્બર ને શનિવારના રોજ સવારે ૧૧ વાગ્યે કલેકટર કચેરી ખાતે યોજાનાર આ બેઠકમાં લોક પ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે નાગરિકોના પ્રશ્નોની ચર્ચા થશે. નિકાલ બાકી હોય તેવા કાગળ, અવેઈટ અને બાકી પેન્શન કેસ, વસૂલાત, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ, રજૂઆતોના નિકાલ અને વિવિધ અરજીઓ માટે કરવાની કાર્યવાહીની ચર્ચા અને સમીક્ષા સહિતની બાબતોને સંકલન સમિતિમાં આવરી લેવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા કલેકટર કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પીએસઆઈના મોત બાદ એસએમસી ફરી મેદાને : દારૂ ભરેલી ગાડી ઝડપી પાડી

અમદાવાદ, તા.૦૭

દારૂનો પીછો કરી રહેલા SMCના પીએસઆઈનું અકસ્માતમાં મોત થવાની ઘટના બાદ બુટલેગરને સબક શીખવાડવા ફરી પોલીસ સક્રિય બની છે. બુટલેગરોનો જડમૂળથી ખાતમો કરવાના દઢ સંકલ્પ સાથે એસએમસી ફરીથી મેદાનમાં ઉતરી છે. એસએમસીએ નાના ચીલોડા પાસેથી દેશી દારૂ ભરેલી ગાડી સાથે બે લોકોની ધરપકડ કરી છે. એસએમસીએ કારનો



પીછો કરીને દારૂ ભરેલી ગાડીને ઝડપી લીધી છે. એસએમસીની ટીમને બાતમી મળી હતી કે, નાના ચીલોડાથી નરોડા તરફ એક કાર પસાર થવાની છે, જેમાં દેશી દારૂનો જથ્થો છે. બાતમીના આધારે એસએમસીની ટીમ તહેનાત થઈ ગઈ હતી અને પોતાની વોચ ગોઠવી હતી. દરમિયાનમાં એક શંકાસ્પદ કાર પૂરઝડપે આવી હતી, જેને રોકવાની એસએમસીએ કોશિષ કરી હતી પરંતુ ખેપિયાએ પોતાની કાર નહીં રોકતા પૂરઝડપે ચલાવી હતી. એસએમસીએ તેનો પીછો કર્યો હતો અને કારને ઝડપી લીધી હતી.

# કચ્છ કસ્ટમ્સે ગારનેટનો ૪૦ કરોડનો જથ્થો ઝડપ્યો

ભુજ, તા.૦૭

કચ્છમાં ગારનેટના પાંચ કન્ટેનર એસઆઈઆઈબીએ ઝડપ્યા છે. કસ્ટમ્સની એસઆઈઆઈબી શાખાએ ગારનેટના પાંચ કન્ટેનર ઝડપ્યા છે. આ કન્ટેનર રાજસ્થાનથી દુબઈ મોકલવાનું આયોજન હતું. કચ્છમાં કસ્ટમ્સ વિભાગે લગભગ ૧૪૦ ટન જેટલો કાર્ગો ઝડપ્યો છે. ગારનેટને બેન્ટોનાઈટ જાહેર કરીને આ જથ્થો મોકલવામાં આવતો હતો. કસ્ટમ્સ વિભાગે અંદાજે ૪૦ કરોડનો જથ્થો કબ્જે કર્યો છે. કસ્ટમ્સ વિભાગે જણાવ્યું હતું કે ઘણા ગઠિયાઓ નિકાસની રાહતનો ફાયદો ઉઠાવવા માટે ડમી કંપનીઓ બનાવીને સરકારે વર્ગીકૃત કરેલી પ્રોડક્ટ્સની નિકાસ બતાવે છે, પરંતુ તે વાસ્તવમાં બીજો જ જથ્થો મોકલતા હોય છે જે સરકારની યાદીમાં હોતો નથી. મુખ્યત્વે તેઓએ બહાર મોકલેલી વસ્તુ પરનો વેરો ઊંચો હોય છે, પરંતુ તેઓ તેને જકાતમુક્ત પ્રોડક્ટ તરીકે દર્શાવે છે. આ રીતે તેઓ એક રીતે નિકાસ જકાત બચાવે છે. આને એક પ્રકારની દાણચોરી જ કહી શકાય. કચ્છમાં આ પ્રકારે દાણચોરી પકડાતા કસ્ટમ્સ વિભાગ પણ હરકતમાં આવી ગયું છે.



**સંકુલ ઈંગ્લીશ મિડીયમ – ઓછી ફી – સારૂ શિક્ષણ**

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૫૮૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૦૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૭૬૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૦૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૨૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૦૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૦૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૪૪૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૩૮૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૫૨૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૫૮૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૬૮૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી -Ad 071





**મહે.તાલુકા એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. રાજુલા**

જન્મ/મરણ નોંધ પ.કેસ નં.૪૫૧/૨૦૨૪

અરજદારનું નામ :-**જોશી વિરેશભાઈ લલિતભાઈ,**
સરનામું:- નાના મોટા મસુંદડા, તા. રાજુલા, જી.અમરેલી
મો. 6355104888

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- **જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર** - વ -તલાટી કમ મંત્રીશ્રી,
ગામઃ- નાના મોટા મસુંદડા, તા. રાજુલા, જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેનાં માતા મધુબેન લલિતભાઈ જોશીનું અવસાન તા. ૦૮/૧૨/૨૦૨૧ નાં રોજ ગામ નાના મોટા મસુંદડા મુકામે તેનાં રહેણાંકના સ્થળે કુદરતી રીતે થયાની ઉપરોકત સામાવાળાનાં રજીસ્ટરે નોંધ કરાવવા સદર કોર્ટમાં વકીલ શ્રી એ.એ. લાખાણી મારફત અરજ કરેલ છે. તો આ નોંધ અંગે કોઈને વાંધો, વિરોધ કે તકરાર હોય તો, આ નોટિસ પ્રસિધ્ધ થયાનાં દિન-૭ માં અત્રેની કોર્ટમાં, કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર વકીલ મારફત હાજર રહી, વાંધા તથા પુરાવા રજૂ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી. આજરોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળઃ- રાજુલા**
**તા.૨૪/૧૦/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એકિઝ.મેજી. શ્રી**
**રાજુલા**





**-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના //-**

કેસ -નં.૧૧૧/૨૦૨૪

અરજદાર :- શ્રી સાંખટ ગોપાલભાઈ મોહનભાઈ
રે. માણેકપુર, તા. ઉના

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.માણેકપુર, તા. ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના માણેકપુર ગામના રહીશ શ્રી સાંખટ ગોપાલભાઈ મોહનભાઈ એ તેઓની પુત્રીશ્રી શારદાબેન મોહનભાઈ કાળાભાઈ જન્મ તા.૦૧/૦૧/૨૦૦૩ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૧૦/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**





**-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના //-**

કેસ -નં.૧૦૬/૨૦૨૪

અરજદાર :- શ્રી બાંભણીયા બાલુભાઈ કરશનભાઈ
રે. ચીખલી, તા. ઉના

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. ચીખલી, તા. ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ચીખલી ગામના રહીશ શ્રી બાંભણીયા બાલુભાઈ કરશનભાઈએ તેઓની પુત્રીશ્રી જાગૃતિબેન બાલુભાઈ બાંભણીયા જન્મ તા.૦૬/૧૨/૨૦૦૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૧/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૭/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**





**-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના //-**

કેસ -નં.૧૧૫/૨૦૨૪

અરજદાર :- શ્રી મેવાડા રાધીબેન નારણભાઈ
રે. ગરાળ, તા. ઉના

વકીલશ્રી:- ડી.ઓ. કામળીયા-ઉના

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.ગરાળ, તા. ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ગરાળ ગામના રહીશ શ્રી મેવાડા રાધીબેન નારણભાઈની એ તેઓની પુત્રીશ્રી ભાવનાબેન નારણભાઈ મેવાડાની જન્મ તા. ૦૧/૦૧/૧૯૯૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૧/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**





**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં**

નં.જન્મ/ કેસ/રજી. નં.૮૭/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી લખમણભાઈ નથુભાઈ બારૈયા
રે. હોળી ચોક, મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો ગીર સોમનાથ . . . અરજદાર
વકીલશ્રી એ.એમ.નકવી, એ.યુ.પરમાર તથા એન.આર.રોગતીયા રહે. કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા
તાલુકો-કોડીનાર, જિલ્લો - ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ **લખમણભાઈ નથુભાઈ બારૈયા તથા કસ્તુરબેન લખમણભાઈ બારૈયાનો પુત્ર રમેશભાઈ લખમણભાઈ બારૈયાનો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૭ માં કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના સને ૧૯૭૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૧૧/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૨૩/૧૦/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહિ**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**





**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૧૯/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧. કિશોરભાઈ મગનભાઈ નાકરાણી
રહે. ઝીંઝુડા ગેઈટ, ફાટક પાસે, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે,અરજદારશ્રીનાપુત્રજીતેન્દ્રકિશોરભાઈનાકરાણીનો જન્મ તા.૦૬/૧૨/૧૯૮૯ મુ.સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ,કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**





**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૨૭/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧. લાલજીભાઈ મોહનભાઈ શેલડીયા
રહે. ભાડ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચિત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ગીતાબેન લાલજીભાઈ શેલડીયાનો જન્મ તા.૦૨/૦૭/૧૯૭૩ના રોજ મુ.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ.પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**





**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી કેસ નં.૬૪/૨૦૨૪ તા.૫/૧૧/૨૦૨૪

શ્રી જેઠાભાઈ વિરાભાઈ દાફડા
રહે. હનુમાનપરા, વિસાવદર, તા.વિસાવદર ........અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા વિસાવદર,
તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી જેઠાભાઈ વિરાભાઈ દાફડા રહે. હનુમાનપરા, વિસાવદર, તા.વિસાવદરએ તેમની પુત્રી મીનાબેન જેઠાભાઈ દાફડાનો જન્મ તા. ૨૯/૦૧/૧૯૮૧ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ મી નવેમ્બર ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

(કોર્ટનો સિક્કો)

**હુકમથી**
**સહી.**
**(એન.બી. લાંઘણોજા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

# દિલ્હીના ૯ વિસ્તારોમાં એક્યુઆઈ ૩૫૦ને પાર પહોંચ્યો, યમુના પ્રદૂષિત

**યમુનાનું ૮૦% પાણી નજફગઢનું નાળુ પ્રદૂષિત કરી રહ્યુ છે**

ન્યુ દિલ્હી, તા.૦૭

દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીની હવા સતત ગંભીર કેટેગરીમાં નોંધાઈ રહી છે. ગુરુવારે સવારે ૯ વાગ્યે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અનુસાર, દિલ્હીના ઘણા મોનિટરિંગ સ્ટેશનોમાં AQI ૩૬૭ને પાર નોંધાયો છે. જેમાં આનંદ વિહાર, અશોક વિહાર, બવાના, જહાંગીરપુરી, મુંડકા, રોહિણી, સોનિયા વિહાર, વિવેક વિહાર અને વજીરપુર વિસ્તારનો સમાવેશ થાય છે. આ દરમિયાન શહેરમાં દિવસ દરમિયાન પણ ધુમ્મસ છવાયેલું રહેશે. એ જ રીતે, દિલ્હીની ૨૨ કિલોમીટર લાંબી



યમુના નદીમાં ૧૨૨ નાના-મોટા નાળાઓમાંથી દરરોજ ૧૮૪.૯ MGD ટ્રીટ ન કરાયેલ ગટરનું પાણી ભળી રહ્યું છે, જે યમુનાના પ્રદૂષણનું સૌથી મોટું કારણ છે. દિલ્હી પોલ્યુશન કંટ્રોલ કમિટી (DPCC) અનુસાર, આ ૧૨૨ નાળાઓમાંથી, નજફગઢ ડ્રેઈન યમુનાના પાણીને સૌથી વધુ પ્રદૂષિત કરવા માટે જવાબદાર છે, જેનું ગંદુ પાણી નૌ ગાઝાપીર પાસે વજીરાબાદ બેરેજ મારફતે યમુનામાં છોડવામાં આવી રહ્યું છે. દિલ્હીમાં યમુનાના ૮૦ ટકા પાણીને એકલા નજફગઢ નાળું પ્રદૂષિત કરી રહ્યું છે.

# બાંગ્લાદેશમાં વિરોધ કરી રહેલા હિન્દુ સમુદાય પર પોલીસ તૂટી પડી

ચિત્તગોંગ, તા.૦૭

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ અહીં લઘુમતી હિન્દુ સમુદાય પર સતત વધી રહેલા હુમલા અને આ સમુદાયની સતામણીમાં હવે આ દેશની પોલીસ પણ હિન્દુઓને ટાર્ગેટ કરવા લાગી છે. બાંગ્લાદેશના પોર્ટ શહેર ચિતાગોંગમાં ઈસ્લામીક કટ્ટરવાદી જૂથ જમાત-એ-ઈસ્લામીએ સ્થાનિક ઈસ્કોન મંદિર અને હિન્દુ ધર્મ અંગે ઉશ્કેરણીજનક પોસ્ટ સોશ્યલ મીડિયામાં મૂકી હતી જેનો વિરોધ કરી રહેલા હિન્દુ સમુદાય પર પોલીસ તૂટી પડી હતી. ચિતાગોંગના હઝારાગલીમાં આવેલા આ મંદિર અને અહી વસતા હિન્દુ સમુદાય વિરોધી પોસ્ટ મુકનાર જમાત-એ-ઈસ્લામ સામે કામ લેવાને બદલે પોલીસે હિન્દુઓને ટાર્ગેટ બનાવ્યા હતા. ગત તા.પના રોજ અહી વસતા હિન્દુ સમુદાય સોશ્યલ મીડિયામાં



વાયરલ થયેલી પોસ્ટ સામે વિરોધ કરી રહ્યો હતો. અહીંના ઈસ્કોન મંદિર અને હિન્દુ સમુદાય વિરુદ્ધ વાંધાજનક પોસ્ટ સંબંધી તનાવ સર્જાયો હતો. પોસ્ટના વિરોધમાં હિન્દુ સમુદાય અહીં એકત્ર થયો હતો અને તેની સામે અહીંના સ્થાનિક સમુદાય પણ બહાર આવતા બન્ને સમુદાય વચ્ચે અથડામણ થઈ હતી અને બાદમાં પોલીસ ઉપરાંત બાંગ્લાદેશ સેનાને પણ ઉતારવામાં આવી હતી અને એકતરફી પગલાએ હિન્દુ સમુદાય પર બળપ્રયોગ કર્યો અને હવામાં ગોળીબાર પણ કર્યા હતા.

# વારાણસીમાં એક જ પરિવારના પાંચ સભ્યોને ૧૫ ગોળીઓ મારી હત્યા કરાઈ

(એ.આર.એલ),વારાણસી,તા.૭

વારાણસીમાં એક જ પરિવારની સામૂહિક હત્યા મામલે નવો ખુલાસો થયો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ આવી ગયો છે. વારાણસીના ભદૈનીના રહેવાસી રાજેન્દ્ર પ્રસાદ ગુપ્તા, તેમની પત્ની નીતુ, પુત્રો નમનેન્દ્ર અને સુનેન્દ્ર અને પુત્રી ગૌરાંગીને ૧૫ ગોળી મારવામાં આવી હતી. ઘટનાનું મહત્વનું પાસું એ હતું કે મંગળવારે રાત્રે તમામ મૃતદેહો મળ્યાના લગભગ ૧૧ કલાક પછી, એક પરિચિતની ફરિયાદના આધારે, ભેલુપુર પોલીસ સ્ટેશનમાં માત્ર ચાર લોકોની હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. તે જ સમયે, બુધવારે રાત્રે ૮:૧૫ વાગ્યે લગભગ ૩૨ કલાક પછી પોસ્ટમોર્ટમ શરૂ થયું, જે સવાર સુધી ચાલુ રહ્યું. નીતુ અને તેના મોટા પુત્ર નમનેન્દ્રને મહત્તમ ચાર ગોળી વાગી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર અર્ધનગ્ન અવસ્થામાં મળી આવેલા રાજેન્દ્ર પ્રસાદ ગુપ્તાને ત્રણ ગોળી વાગી હતી. તેના જમણા ભાગમાં બે ગોળી ચલાવવામાં આવી હતી. જ્યારે છાતીમાં એક ગોળી વાગી હતી. તેમના મોટા પુત્ર નમનેન્દ્રને ચાર ગોળી વાગી હતી. બે ગોળી માથાના ભાગે અને બે ગોળી છાતીમાં વાગી હતી.

# સમાધાનના આધારે એફઆઈઆર રદ ન કરી શકાય: સુપ્રીમનો મહત્વપૂર્ણ ચુકાદો

જયપુર,તા.૦૭

રાજસ્થાનમાં સગીર વિદ્યાર્થિની સાથે છેડતીના મામલે સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સમાધાનના આધારે FIR રદ ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આરોપી શિક્ષક સામે FIR અને કાયદાકીય કાર્યવાહી ફરી શરૂ થવી જોઈએ. આ સાથે જ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને રદ કરી દીધો છે. FIR રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટે પલટી નાખ્યો છે. સુપ્રીમ કોર્ટના મહત્ત્વપૂર્ણ ચુકાદા બાદ આરોપી શિક્ષક વિમલ કુમાર ગુપ્તા વિરુદ્ધ કાર્યવાહીનો રસ્તો સાફ થઈ ગયો છે. તમને જણાવી દઈએ કે આ ઘટના ૨૦૨૩માં રાજસ્થાનના ગંગાપુર શહેરમાં બની હતી. સરકારી શાળાના શિક્ષકે સગીર દલિત વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. તેના પર સગીરની ફરિયાદ પર POCSO અને SC/ST એક્ટ હેઠળ FIR નોંધવામાં આવી



હતી. પીડિતાનું CrPC ૧૬૪ હેઠળ નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં આરોપી શિક્ષકે ૫૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર પીડિત પક્ષ પર એવું લખાવ્યું હતું કે, પીડિતાએ ગેરસમજમાં શિક્ષક વિરુદ્ધ કેસ દાખલ કરાવ્યો છે અને હવે આરોપી શિક્ષક વિરુદ્ધ કોઈ કાર્યવાહી નથી ઈચ્છતી. પોલીસે પણ આ સમાધાનના આધાર પર ફાઈનલ રિપોર્ટ રજૂ કરી દીધો હતો પરંતુ નીચલી અદાલતે પોલીસના રિપોર્ટને ફગાવી દીધો હતો. નીચલી કોર્ટના નિર્ણયને આરોપીએ રાજસ્થાન હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે આરોપીની અરજી સ્વીકારી FIR રદ કરવાનો આદેશ આપ્યો હતો.

# વારાણસીમાં બાળ વિકાસ મંત્રાલયે કાગળ પર ૪૦ કુંવારી છોકરીઓને ગર્ભવતી જાહેર કરી

ન્યુ દિલ્હી, તા.૦૭

દિવાળી પર બાળ વિકાસ મંત્રાલય તરફથી ગ્રામ પંચાયત રમણાના માળિયા ગામની ૪૦ જેટલી છોકરીઓને મળેલા આ સંદેશે ગામની આંગણવાડી કાર્યકરની ગેરરીતિનો પર્દાફાશ કર્યો હતો. એટલે કે કાગળ પર આ ૪૦ કુંવારી છોકરીઓને ગર્ભવતી જાહેર કરવામાં આવી હતી. રેખા, અનીતા, રાખી, જ્યોતિ, વર્ષા, અંજલિ, નિકિતા, મોહિની અને નેહા સહિત અન્ય છોકરીઓએ જણાવ્યું કે જ્યારે તેમને મેસેજ મળ્યો ત્યારે તેઓએ આંગણવાડી કાર્યકરને પૂછ્યું કે તેમને આવો મેસેજ કેમ મળ્યો? આ અંગે આંગણવાડી કાર્યકર્તાએ કોઈ જવાબ આપ્યો ન હતો. યુવતીઓએ આરોપ લગાવ્યો કે વધુ પૂછપરછ પર આંગણવાડી કાર્યકર્તાએ પણ તેમની સાથે ગેરવર્તન કર્યું. આ પછી ગામમાં પૂછપરછ કરી તો બીજી કેટલીક છોકરીઓને પણ આવા જ મેસેજ આવ્યા હતા. ત્યારપછી આ તમામ યુવતીઓ ગામના વડા આરતી પટેલને મળી અને સમગ્ર મામલો જણાવ્યો. ગામના વડાએ ડીએમને પત્ર લખીને આ સમગ્ર મામલે તપાસની માંગ કરી છે.

**૭ મહિલા પોલીસકર્મીઓએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

# હરિયાણામાં પ્રમોશનની લાલચ આપી IPS યૌન શોષણ કરતા હોવાની ફરિયાદ નોંધાઈ

જીંદ,તા.૦૭

હરિયાણાના જીંદ જિલ્લામાં તૈનાત મહિલા પોલીસકર્મીઓએ જિલ્લામાં તૈનાત IPS અધિકારી પર યૌન શોષણનો આરોપ લગાવ્યો છે. આ બાબતે મહિલા પોલીસ કર્મચારીઓએ સીએમ નાયબ સિંહ સૈનીને પત્ર લખીને આ બાબતે જાણકારી હતી. તેમાં ૭ મહિલા પોલીસકર્મીઓની સહી હતી. જ્યારે આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયો, ત્યારે સરકાર એક્શનમાં આવી ગઈ અને તપાસના આદેશ આપ્યા હતા. આ કેસની નોંધ લેતા હરિયાણા રાજ્ય મહિલા આયોગે એસપી સુમિત કુમારને સમન્સ પાઠવ્યા હતા. તેને ફરીદાબાદ NIT ઓફિસમાં બોલાવ્યો અને તેનું નિવેદન નોંધ્યું. સાત મહિલા પોલીસકર્મીઓએ ઈમેઈલ મારફત મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, એડીજીપી અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓને



પત્ર લખ્યા હતા. જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, એસએચઓ, ડીએસપી અને આઈપીએસ અધિકારી સાથે મળી હનીટ્રેપ અને સેક્સ રેકેટ ચલાવી રહ્યા છે. આ એસએચઓ અને ડીએસપી બંને મહિલાઓ છે. મહિલા આયોગ પંચના અધ્યક્ષ રેણુ ભાટિયાએ એસપી સાથે વીડિયો કોલ પર પણ વાત કરી હતી, જે બાદ રેણુ ભાટિયાએ મહિલા પોલીસકર્મીઓને રૂબરૂ વાત કરવાનું કહ્યું હતું. આજે ૭ મહિલા પોલીસ કર્મચારીઓ આરોપી SHO અને DSPની સામે તેમની અગ્નિપરીક્ષાનું વર્ણન કરશે. નોંધનીય છે કે આ કેસમાં અધ્યક્ષ રેણુ ભાટિયાની માંગ પર આરોપી IPS અધિકારી, મહિલા SHO, DSPની બદલી કરવામાં આવી હતી.

# સીબીએસઈએ ડમી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી ૨૧ શાળાઓનું જોડાણ છીનવ્યું

ન્યુ દિલ્હી,તા.૦૭

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ડમી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી શાળાઓ સામે કાર્યવાહી કરી છે. આ અંગે ૨૧ શાળાઓનું જોડાણ છીનવી લેવામાં આવ્યું છે, જેમાંથી ૧૬ શાળાઓ દિલ્હીની અને પાંચ શાળા રાજસ્થાનની છે. દિલ્હીની છ વરિષ્ઠ માધ્યમિક શાળાઓનો દરજ્જો ઘટાડીને માધ્યમિક કરવામાં આવ્યો છે. જે




શાળાઓનું જોડાણ પાછું ખેંચવામાં આવ્યું છે તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમનું ચાલુ સત્ર પૂર્ણ કરી શકશે. આગામી સત્રથી શાળાઓ પર કાર્યવાહી લાગુ કરવામાં આવશે. આ પગલું સપ્ટેમ્બરમાં રાજસ્થાન અને દિલ્હીની શાળાઓમાં કરવામાં આવેલા ઓચિંતા નિરીક્ષણને અનુસરે છે, જેમાં ઘણી ક્ષતિઓ જોવા મળી હતી. CBSE અનુસાર, કાર્યવાહીના દાયરામાં આવેલી શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ગેરહાજર હતા. ઉમેદવારો અને રેકોર્ડની જાળવણી પણ યોગ્ય ન હતી.

# ટ્રુકોલર એપની ઓફિસ પર ઈન્કમ ટેક્સના દરોડા

ન્યુ દિલ્હી,તા.૦૭

ટ્રુકોલર એપની ઓફિસ પર ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી દરોડા પાડવામાં આવ્યા છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી ટ્રુકોલર ઓફિસ અને તેના સંબંધિત કેમ્પસમાં શોધખોળ કરવામાં આવી. કંપની પર ટ્રાન્સફર પ્રાઈસિંગ નિયમના ઉલ્લંઘનનો આરોપ છે, જે માટે ઈન્કમ ટેક્સ એજન્સીઓ તપાસ કરી રહી છે. સ્વીડન બેઝ્ડ ટ્રુકોલર ભારત સહિત ઘણા દેશોમાં ખૂબ પોપ્યુલર છે. આ એપ તમને તે કોલરનું નામ જણાવતી હતી, જેનો નંબર તમારી કોન્ટેક્ટ બુકમાં સેવ ન હોય. ઉદાહરણ તરીકે જો કોઈ અજાણ્યા નંબરથી કોલ આવી રહ્યો છે તો ટ્રુકોલર એપ તે શખ્સનું નામ મોબાઈલ સ્ક્રીન પર બતાવે છે. તે બાદ તમે તે કોલને ઉઠાવવો કે ન ઉઠાવવાનો નિર્ણય લઈ શકો છો.

# બંગાળની ખાડીમાં સાયક્લોનિક સરક્યુલેશન અનેક રાજયોમાં ભારે વરસાદની આગાહી

**ભારે વરસાદની આગાહીને લઈ હવામાન વિભાગે સતર્ક રહેવાની સલાહ આપી**

કોલકાત્તા,તા.૦૭

દિવાળી બાદ દેશભરમાં હવામાનમાં પલટો આવ્યો છે. સમગ્ર ભારતમાં ઠંડીએ તેની અસર દેખાડવાનું શરૂ કરી દીધું છે. આ દરમિયાન બંગાળની ખાડીમાં સાયક્લોનિક સરક્યુલેશન બની રહ્યું છે, જેના



કારણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે અને દરિયાકાંઠાના રાજ્યોમાં વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગે દક્ષિણ ભારત અને ઉત્તર ભારતના રાજ્યોમાં ૧૨ નવેમ્બર સુધી વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. સાયક્લોનિક સરક્યુલેશનના કારણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે અને ચક્રવાત બનશે, જેના કારણે કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, પુડુચેરી, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, આંદામાન નિકોબાર ટાપુઓમાં ૧૨ નવેમ્બર સુધી તોફાની પવનો ફૂંકાઈ શકે છે. તેમજ ભારે વરસાદની પણ શક્યતા છે. મણિપુરના કેટલાક વિસ્તારોમાં કરા પડી શકે છે. આવી સ્થિતિમાં હવામાન વિભાગે લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે.

# કેન્દ્ર સરકારે પરાલી સળગાવનાર ખેડૂતો પર દંડ બમણો કર્યો

ન્યુ દિલ્હી,તા.૦૭

સુપ્રીમ કોર્ટની કડકાઈ બાદ કેન્દ્ર સરકારે પરાલી સળગાવનારા ખેડૂતો પરનો દંડ બમણો કરી દીધો છે. પર્યાવરણ મંત્રાલયે ગુરુવારે એક નોટિફિકેશન જારી કરીને આ જાણકારી આપી છે. હવે ૨ એકરથી ઓછી જમીન પર ૫૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. બે થી પાંચ એકર સુધીની જમીન ધરાવનાર પર ૧૦,૦૦૦ રૂપિયા અને પાંચ એકરથી વધુ જમીન ધરાવનાર પર ૩૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીની સરકારો આ નિયમોને લાગુ કરવા માટે બંધાયેલી રહેશે. હકીકતમાં, ૪ નવેમ્બરે સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે પંજાબ-હરિયાણાને ૧૪ નવેમ્બર સુધીમાં પરાલી પર પોતાનો જવાબ દાખલ કરવા કહ્યું હતું. આ પહેલા ૨૩ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને વાયુ પ્રદૂષણ અંગે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ (EPA) હેઠળ નિયમો બનાવવા અને જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવા માટે બે સપ્તાહનો સમય આપ્યો હતો.

# ખાદ્યચીજોની વધતી જતી મોંઘવારીને લઈ આરબીઆઈ ગવર્નરે ચિંતા વ્યક્ત કરી

મુંબઈ,તા.૦૭

ખાદ્યચીજોની મોંઘવારીમાં કોઈ રાહત મળતી નથી ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગવર્નર શશીકાંત દાસે પણ ચિંતા દર્શાવી છે. જોકે મોંઘવારીને કાબુમાં લેવા મજબુત અને ઝડપી કદમ ઉઠાવવાની તૈયારી હોવાનું સ્પષ્ટ કર્યુ હતું. રિઝર્વ બેન્કનાં ગવર્નરે કહ્યુ કે, બદલાતા વૈશ્વિક માહોલમાં પણ ભારતીય અર્થતંત્ર મજબુત છે. આર્થિક વિકાસને લગતા આંકડા મિશ્ર પ્રકારના છે. છતા નેગેટીવ કરતા પોઝીટીવ ફેકટર વધુ છે. મોંઘવારી તથા વૈશ્વિક પડકાર વચ્ચે પણ રિઝર્વ બેન્ક નાણાંકીય સ્થિરતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. રિઝર્વ બેન્ક ૨૦૨૪-૨૫ માં ૭.૨ ટકાના વિકાસ દરનાં અનુમાન પર કાયમ છે. એક વર્ગ વિકાસદર, સાત ટકાથી ઓછો રહેવાનું માને છે. પરંતુ રિઝર્વ બેન્ક ૭૦ થી વધુ હાઈ ફ્રિકવન્સી ઈન્ડરકેટરનો



ઉપયોગ કરીને અર્થતંત્ર-વિકાસદર પર વોચ રાખે છે અને તેના આધારે વિકાસનું અનુમાન કાઢે છે. તેમણે કહ્યું કે આઈઆઈપીના આંકડા તથા રોજબરોજનાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓની શહેરી માંગમાં ઘટાડો થયો છે. સપ્ટેમ્બર મહિનામાં સબસિડી ખર્ચમાં વૃધ્ધિ થઈ છે અને તેની અસર બીજા ત્રિમાસીક ગાળામાં જોવા મળી શકે છે. બીજી તરફ સ્ટેટ બેન્કનાં રીપોર્ટમાં બીજા ત્રિમાસીક ગાળામાં વિકાસ દર ઘટીને ૬.૧ ટકા રહેવાનું અનુમાન દર્શાવાયું છે. જયારે આખા વર્ષનો વિકાસ દર સાત ટકા આસપાસ રહેવાનો અંદાજ મુકવામાં આવેલ છે.

# હવે શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળતા ખળભળાટ

મુંબઈ,તા.૦૭

સલમાન ખાન બાદ અભિનેતા શાહરૂખ ખાનને ફૈઝાન ખાન નામના વ્યક્તિ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી હોવાના છે. મહારાષ્ટ્રના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. રાયપુરના આરોપીઓએ અભિનેતા પાસેથી મોટી ખંડણી માંગી છે. રાયપુરના ફૈઝાન નામના વ્યક્તિએ



ધમકીભર્યો ફોન કર્યો હતો. આ ફોન કોલ શાહરૂખ ખાનની પ્રોડક્શન કંપની રેડ ચિલીઝની ઓફિસમાં આવ્યો હતો, જેના પછી હોબાળો મચી ગયો હતો. તરત જ, કિંગ ખાનને જાનથી મારી નાખવાની ધમકીભર્યા ફોન મળવા અંગે પોલીસને ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. મુંબઈ પોલીસની ટીમ છત્તીસગઢ રાયપુર પહોંચી ગઈ હતી. ખરેખર, જ્યારે પોલીસે કોલ ટ્રેસ કર્યો તો તે રાયપુરનો હોવાનું બહાર આવ્યું. છેલ્લું લોકેશન બજારનું છે. પોલીસ ત્યાં પહોંચી ગઈ અને સતત લોકોની પૂછપરછ કરી રહી છે. હાલમાં વધુ તપાસ ચાલી રહી છે.

મૈત્રીકરારને કારણે યુવતીના પતિ સહિત ચાર શખ્સો તૂટી પડ્યા

# થાનના વરમાધાર સીમમાં પિતા-પુત્રની કરપીણ હત્યાથી ચકચાર

થાન,તા.૦૭

સુરેન્દ્રનગરના થાન તાલુકાના વરમાધાર ગામની સીમમાં રહેતા અને ખેતમજૂરી કરતા ઘુઘાભાઈ દાનાભાઈ કોળી, તેમનાં પત્ની અને પુત્ર ભાવેશ પર ત્રણ શખ્સોએ હથિયારો વડે હુમલો કરતા ભાવેશનું અને ત્યારબાદ સારવાર દરમિયાન ઘુઘાભાઈનું મોત નિપજતા મામલો ડબલ મર્ડરમાં પલટાયો હતો. જ્યારે ઘુઘાભાઈનાં પત્નીને સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. આ ડબલ મર્ડરની ઘટના અંગે મળતી



માહિતી મુજબ મૃતક ભાવેશે થોડા સમય પહેલાં સંગીતા નામની યુવતી સાથે મૈત્રીકરાર કર્યા હતા અને તેની સાથે રહેતો હતો. જો કે આ પહેલા સંગીતાનાં લગ્ન દિનેશ નામના યુવક સાથે થયા હતા. સંગીતા અને ભાવેશ બંને મૈત્રીકરાર કરી સાથે રહેતાં હોવાથી પરિવારજનો નારાજ હતા. જેનું મનદુઃખ રાખી સંગીતાનો પતિ દિનેશ સાપડા, કાકા જેસા નરસી અને ભાઈ દિનેશ સુખાએ સાથે મળી ભાવેશ, તેના પિતા અને માતા પર હથિયારોથી જીવલેણ હુમલો કર્યો હતો.

# સુરતના સિટીલાઈટ વિસ્તારમાં સ્પામાં આગ લાગવાથી બે યુવતીઓના મોત

**ફાયર બ્રિગેડ દ્વારા 3 યુવતીઓનો બચાવ કરાયો**

(એ.આર.એલ),સુરત,તા.૭

સુરત શહેરમાં ગઈકાલે સિટીલાઈટ વિસ્તારમાં અમૃતયા સ્પામાં મોડીરાત્રે આગ લાગતા બે યુવતીઓના મોત થયાનું સામે આવ્યું છે. આગ જીમ સુધી પહોંચી જતા જીમ પણ આગની ઝપેટમાં આવી ગયું હતું. ઘટનામાં અન્ય ૩ યુવતીઓનો બચાવ થયો હતો. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

સુરતમાં શિવપૂજા અભિષેક નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે આવેલા અમૃતયા સ્પા એન્ડ સલૂનમાં એકાએક આગની ઘટના બનવા પામી હતી. જેમાં કામ કરતી બે યુવતીનું ગૂંગળામણના કારણે મોત થયું હતું. સ્પામાં કામ કરતી મનીષા અને અનિશા નામની બે યુવતીઓના મોત નિપજ્યા



હતા. પ્રાથમિક માહિતી મુજબ બંને યુવતીઓના શ્વાસ રૂંધાવાથી મોત થયા હતા. મૃતક યુવતીઓ નોર્થ ઈસ્ટની રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનામાં સુરત ફાયર કંટ્રોલ વિભાગ દ્વારા ૧૫ થી વધુ ગાડીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચાડી દેવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમ સ્પા સેન્ટરમાં પ્રવેશી ત્યારે બંને યુવતીઓ બેભાન અવસ્થામાં પડી હતી. ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ધોરણે યુવતીઓને હોસ્પિટલ લઈ ગઈ હતી, જ્યાં તબીબોએ બંનેને મૃત જાહેર કરી હતી. હાલ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ થઈ હોવાનું કારણ સામે આવ્યું છે.

# જૂનાગઢના સક્કરબાગ ઝુમાં ફરવા આવેલા પરિવારની કારમાંથી સોનું-રોકડની ચોરી

જૂનાગઢ,તા.૦૭

મોરબી અને કચ્છથી જૂનાગઢ સક્કરબાગ ઝુમાં ફરવા આવેલા બે પ્રવાસીઓએ પાર્ક કરેલી કારના કાચ તોડી રોકડ રૂપિયા અને સોનાના ચેનની ચોરી થયાની ઘટના સામે આવી છે. મોરબી અને કચ્છથી પરિવાર જૂનાગઢમાં ફરવા આવ્યો હતો. ત્યારે જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં ફરવા ગયેલા પરિવારે પોતાની બે ગાડીઓ સક્કરબાગ ઝુમાં પાર્કિંગમાં પાર્ક કરેલ હતી. આ



પાર્કિંગનો ૩૦ રૂપિયા ચાર્જ પણ ચૂકવ્યો હતો. પરિવાર પરત ફરતા પોતાની બંને ગાડીઓના કાચ તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા, જેથી પરિવારે પોતાની ગાડીમાં રાખેલો સામાન ચેક કરતા અજાણ્યા ઈસમ ગાડીનો કાચ તોડી સામાન ચોરી કરી ગયા હોવાની જાણ થઈ હતી. પરિવાર દ્વારા ગાડીમાં ત્રણ બેગ રાખવામાં આવી હતી. આ બેગોમાં રોકડ રૂપિયા દોઢ લાખથી વધુ અને એક પાંચ તોલાનો ચેન હતો, જે ચોરી થઈ જતા પરિવાર હાલ ચિંતામાં મુકાયો છે. સક્કરબાગ ઝુ પાર્કિંગમાં ચોરી થયેલી ઘટનાથી જૂનાગઢ પોલીસે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજયમાં ૧૩૮૫૨ જગ્યાઓ પર વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા શરૂ

ગાંધીનગર,તા.૦૭

ગુજરાત સરકારે પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકની મોટા પાયે ભરતીની જાહેરાત કરી હતી. જેમાં કુલ ૧૩,૮૫૨ જગ્યાઓ પર વિદ્યાસહાયકની ભરતી કરાશે. જેને લઈને આજથી (સાતમી નવેમ્બર) ઓનલાઈન અરજી કરી શકાશે. જેની છેલ્લી તારીખ ૧૬મી નવેમ્બર છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫માં ૫૦૦૦ જગ્યાઓ માટે ભરતી



કરાશે. ધોરણ ૬થી ૮માં ગુજરાતી માધ્યમમાં ૭૦૦૦ જગ્યા પર ભરતી કરાશે. જ્યારે ધોરણ ૧થી ૮માં ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં ૧૮૫૨ જગ્યા પર ભરતી કરાશે. આ ભરતી માટે ગુરૂવાર (સાતમી નવેમ્બર)થી ઓનલાઈન અરજી કરી શકાશે. જ્યારે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬મી નવેમ્બર છે. અરજી કરનાર ઉમેદવારો ભરતી અંગેનું ઓનલાઈન અરજી પત્રક vsb.dpegujarat.in ઉપર ભરી શકશે.

# ગુજરાતમાં ધીમે-ધીમે શિયાળો શરૂ : મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૨૦ ડિગ્રીની નીચે



અમદાવાદ,તા.૭

ગુજરાતમાં ધીમે ધીમે શિયાળો શરૂ થયો છે. સવારે અને મોડી સાંજે ઠંડીનો ચમકારો અનુભવાય છે જ્યારે બપોરના સમયે ગરમીનો અનુભવ થાય છે. આમ, રાજ્યમાં અત્યારે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જો કે ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી વધી રહી છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૯.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગુજરાતમાં સૌથી ઓછું છે.

ગુજરાતમાં હાલ બેવડા હવામાનનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી સાંજે આખી રાત ઠંડી રહે છે જ્યારે બપોર અને સાંજે ગરમી રહે છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુ ચાલી રહી છે ત્યારે શરદી-ખાંસી જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. આવી સ્થિતિ વચ્ચે ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૯.૩ ડિગ્રીથી ૨૭.૨ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૯.૩ ડિગ્રી અને ઓખામાં ૨૭.૨ ડિગ્રી નોંધાયું હતું.

રાજ્યમાં ગરમી અને ઠંડીના અહેસાસ વચ્ચે હવામાન વિભાગે નવેમ્બરના અંત અને ડિસેમ્બરની શરૂઆતમાં રાજ્યમાં કડકડતી ઠંડી પડવાની આગાહી કરી છે. ડિસેમ્બરના અંત સુધીમાં ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે. આથી લોકોએ થોડા દિવસોમાં કડકડતી ઠંડી માટે તૈયાર રહેવું પડશે.

યુવતી છેલ્લા દોઢ વર્ષથી ભોગ બની રહી હતી

# જામનગરમાં યુવતીને બ્લેકમેલ કરીને ૩ નરાધમોએ મહિનાઓ સુધી દુષ્કર્મ આચર્યું

(એ.આર.એલ),જામનગર,તા.૭

જામનગરમાં દુષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ૨૧ વર્ષની યુવતીને ત્રણ નરાધમોએ મહિનાઓ સુધી ગોંધી રાખીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. આ ઘટનામાં યુવતી સાથે સામૂહિક Rape કરવામાં આવ્યો હતો. ત્યારે આ અંગે યુવતીએ પોલીસમાં જાણ કરી હતી. જે બાદ પોલીસે ફરિયાદ નોંધીને આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જોકે આ યુવતી છેલ્લા દોઢ વર્ષથી આરોપીના રેપનો ભોગ બની રહી હતી. આજરોજ તેણીએ સમગ્ર ઘટના અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, ૨૧ વર્ષીય યુવતીએ સીટી એ ડીવીઝનમાં આવેલા પોલીસ મથકમાં ૩ આરોપીઓ વિરુદ્ધ રેપની ફરિયાદ નોંધાવી છે. જોકે



આ યુવતી જામનગર શહેરમાં આવેલા પંચશ્વર ટાવર નજીક એક ફલેટમાં રહેતી હતી. તો આજથી આશરે દોઢ વર્ષ પહેલા જ્યારે યુવતી બાથરૂમમાં સ્નાન કરી રહી હતી ત્યારે તેના એક મિત્રે તેનો વીડિયો અને ફોટા પાડ્યા હતા. ત્યારબાદ થોડા દિવસો પછી યુવતીને મુખ્ય આરોપીએ આ વીડિયો અને ફોટો બતાવીને બ્લેકમેલ કરવાની શરૂઆત કરી હતી. તે ઉપરાંત મુખ્ય આરોપીએ યુવતીની સાથે Rape કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ આ સમયગાળા દરમિયાન આરોપીએ તેના અન્ય બે મિત્રો સાથે પણ યુવતીને શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કર્યું હતું. જે બાદ મુખ્ય આરોપીના બંને મિત્રોએ મળીને આ ૨૧ વર્ષની યુવતી સાથે રેપ કર્યો હતો. આશરે દોઢ વર્ષ સુધી આ ૩ નરાધમોએ મળીને યુવતીને પીંખી નાખી હતી. અંતે યુવતીએ કંટાળીને પોલીસમાં સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓને પકડી પાડવા માટે કવાયત હાથ ધરી છે.

# ચોરીની ઘટના બાદ પાવાગઢનું મહાકાળી મંદિર બે દિવસ બંધ રહેશે

(એ.આર.એલ),પાવાગઢ,તા.૭

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આવેલ મહાકાળી મંદિર આગામી સમયમાં બંધ રહેવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર આવતીકાલે એટલે કે, ૮ નવેમ્બરને શુક્રવારના રોજ સાંજના ૪ થી બીજા દિવસે સવારે ૬:૦૦ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે પાવાગઢ મંદિર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાવાગઢ મંદિરમાં થયેલી ચોરી મામલે પોલીસને ચોરીનો ભેદ



ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસે સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૭૮ લાખની ચોરી કરનાર ચોરને મુદ્દામાલ સહિત ઝડપી પાડ્યો છે. મંદિરમાં માતાજીના આભુષણોની ચોરી થઈ હતી. જેમાં સોના ચાંદીના દાગીના સહિત કુલ ૭૮ લાખની ચોરી કરનાર સુરતના અંતરિયાળ ગામડાનો સટ્ટાખોર શખ્સે પાવાગઢ મંદિરમાં ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. આ શખ્સે રાત્રીના સમયે નિજમંદિરના વેન્ટિલેશનને તોડી ગર્ભગ્રુહમાં પ્રવેશીને ૬ સોનાના હાર અને મુકૂટ સહિતની ચોરી કરી હતી. સમગ્ર મામલે પોલીસે સુરતના અંતરિયાળ ગામડાના સટ્ટાખોરને ઝડપીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટના બાદ મંદિરના શુદ્ધિકરણ માટે મંદિર બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

# ગાંધીનગરમાં ઝિકા વાયરસે દેખા દેતા આરોગ્ય વિભાગ હરકતમાં

ગાંધીનગર, તા.૦૭

ગુજરાતમાં ઝિકા વાયરસના કેસ સામે આવતાં ફરી એકવાર હલચલ મચી ગઈ છે. રાજ્યમાં આ વર્ષે મચ્છરજન્ય બીમારી અને તાવની સિઝન લાંબી ચાલી છે. ચિકનગુનિયા, ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગના કેસ સમગ્ર રાજ્યમાં જોવા મળી રહ્યા છે. ત્યારે હવે ગાંધીનગરમાં શંકાસ્પદ ઝિકા વાયરસનો કેસ નોંધાતા હડકંપ મચ્યો છે. દર્દીનો રિપોર્ટ પુણેની લેબોરેટરીમાં ટેસ્ટ માટે મોકલવામાં આવ્યો હતો. જેમાં આજે દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતા હાલ દર્દી સારવાર હેઠળ છે. ગાંધીનગરમાં ઝિકા વાયરસનો કેસ નોંધાતા ગાંધીનગર મનપાનું આરોગ્ય વિભાગ એલર્ટ થયું છે. જે વિસ્તારમાં કેસ નોંધાયો છે ત્યાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. જણાવી દઈએ કે, થોડા દિવસ અગાઉ પણ ગાંધીનગરમાં ઝિકા વાયરસનો શંકાસ્પદ કેસ નોંધાયો હતો. ૭૫ વર્ષિય વૃદ્ધની તબિયત લથડતા તેમને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.











